# નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓના વિસ્તારમાં અમલી શહેરી વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ

## રાજય સરકારની યોજનાઓ

### ૧. મનોંરંજન કર ગ્રાંટ યોજના

રાજય સરકારને મનોરંજન કરની થતી કુલ આવકમાંથી દર વર્ષે ૭૫ ટકા હિસ્સાની રકમ, બજેટમાં જોગવાઇ કર્યાબાદ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ મારફતે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ હસ્તક મૂકવામાં આવે છે મહાનગરપાલિકા / નગરપાલિકા વિસ્તારમાં વસતા નાગરિકોની જાહેર સુવિધાના તથા મૂળભુત સગવડોના સંલગ્નવિકાસના કામો માટે સહાય આપવામાં આવે છે.

રાજય સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી ગ્રાંટના ધોરણો અને વિકાસના કામો માટેની દરખાસ્તોની વહીવટી મંજુરી મેળવવાની પ્રક્રિયામાં ફેરફાર કરીને સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૧-૧૨-૨૦૦૯ના ઠરાવથી આ બાબતમાં સરળીકરણ કરી ગ્રાંટની ફાળવણીની પધ્ધતિમાં ફેરફાર કરી વસ્તી અને ભારાંક આધારિત ગ્રાંટ ફાળવવાની પધ્ધતિ અમલમાં મૂકેલ છે અને સાથોસાથ વહીવટી મંજુરી આપવાની પ્રક્રિયા વિકેન્દ્રીત કરી સબંધિત જીલ્લા સ્તરે જિલ્લા કલેકટરશ્રી – વ – ચેરમેનશ્રી, જિલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) કક્ષાએ વહીવટી મંજુરી આપવાની પધ્ધતિ અમલમાં મૂકેલ છે મહાનગરપાલિકાના કિસ્સામાં સબંધિત મહાનરગપાલિકા કક્ષાએ વહીવટી મંજુરી આપવાની રહે છે.

### વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ (અનુ. જાતિ ઘટકની ગ્રાંટ સહિત) રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૪૧૨૫.૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૪૧૨૫.૦૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૪૧૨૫.૦૦ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૪૧૨૫.૦૦ |
| ૫ | ૨૦૧૧-૧૨ | ૪૧૨૫.૦૦ |
| ૬ | ૨૦૧૨-૧૩ (જુન-૨૦૧૨ અંતિત) | ૪૧૨૫.૦૦ |

## ૨. વ્યવસાયિક કરની આવકની ગ્રાંટ યોજના :

મહાનગરપાલિકા / નગરપાલિકાઓને ૫૦ % ના ધોરણે નાણાંકીય સહાય ગુજરાત નાણાં પંચના અહેવાલમાં થયેલ ભલામણો અન્વયે રાજય સરકારશ્રીએ રાજયની શહેરી સ્થાનિક સંસ્થાઓના વિસ્તારમાં વસૂલ થયેલ વ્યવસાય વેરાની આવકમાંથી ૫૦ % રકમ રાજયની શહેરી સ્થાનિક સંસ્થાઓને ફાળવવાનું નક્કી કરેલ છે અને તે માટે અંદાજપત્રમાં કરેલ જોગવાઇ મુજબની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડના હવાલે મૂકવામાં આવેછે. આ રકમ સરકારશ્રીએ નક્કી કરેલ ધોરણ પ્રમાણે સ્થાનિક સંસ્થાઓને ફાળવવામાં આવે છે અને તેનો ઉપયોગ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૧૧/૧૨/૨૦૦૯ની ઠરાવની જોગવાઇઓ મુજબ શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વિસ્તારમાં વિકાસના કામો માટે કરવાનો રહે છે. સદરહુ ગ્રાંટની દરખાસ્તો અંગેની વહીવટી મંજુરી જીલ્લા કક્ષાએ જીલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) પાસેથી મેળવવાની છે. અને મહાનગરપાલિકાના કિસ્સામાં સબંધિત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રીની વહીવટી મંજુરી મેળવવાની રહે છે.

### વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ રૂલાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૩૮૬૪.૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૧૬૧૫.૦૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૨૦૪૬.૮૪ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૧૬૧૫.૦૦ |
| ૫ | ૨૦૧૧-૧૨ | ૨૧૩૩.૨૮ |
| ૬ | ૨૦૧૨-૧૩ (જુન-૨૦૧૨ અંતિત) | ૨૧૧૫.૦૦ |

## ૩. કેબલ ટીવી / ડીસ્ક એન્ટેના પરના મનોરંજન કરની ગ્રાંટની યોજના :

ગુજરાત નાણાં પંચના અહેવાલમાં થયેલ ભલામણો અન્વયે રાજય સરકારશ્રીએ કેબલ ટીવી/ડીસ્ક એન્ટેના પરના મનોરંજન કરની કુલ આવકના ૫૦ % રકમ જે તે શહેરી સ્થાનિક સંસ્થાઓને ફાળવવાનું નક્કી કરેલ છે. તે અનુસાર સદરહુ ગ્રાંટ રાજયની નગરપાલિકા / મહાનગરપાલિકાઓને વસ્તી અને ભારાંક આધારે ફાળવણી કરીને ચૂકવવામાં આવે છે. સદરહું ગ્રાંટ ક્રમ – ૧માં દર્શાવ્યા મુજબની મનોરંજન કર ગ્રાંટની સાથે જ તેના ધોરણો પ્રમાણે વિકાસના કામો માટે ફાળવવામાં / ચુકવવામાં આવે છે

### વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૨૦૦.૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૨૦૦.૦૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૨૦૦.૦૦ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૨૦૦.૦૦ |
| ૫ | ૨૦૧૧-૧૨ | ૨૦૦.૦૦ |
| ૬ | ૨૦૧૨-૧૩ (જુન-૨૦૧૨ અંતિત) | ૨૦૦.૦૦ |

## ૪. ગંદા વિસ્તાર વાતાવરણલક્ષી સુધારણા યોજના :

શહેરી વિસ્તારના હયાત ગંદા વિસ્તારમાં વસતા અનુસૂચિત જાતિ તથા જનજાતિના લોકો સહિત શહેરી ગરીબોનો સર્વાંગી વિકાસ થાય તે માટે નીચેના કામો અગ્રતાના ધોરણે અમલમાં મૂકવાનું ઠરાવેલ છે

૧. પીવાનું પાણી
૨. સેનીટેશન – લેન્ડફીલ સાઇટ – પે એન્ડ યુઝ ટોઇલેટ સહિત
૩. ડ્રેનેજ (ગંદા પાણી નિકાલ)
૪. સ્ટ્રોમ વોટર ડ્રેનેજ
૫. ફાયર બ્રિગેડ
૬. રસ્તા અને સ્ટ્રીટ લાઇટનાં કામો

## વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

(રૂ.લાખમાં)

| વર્ષ | જનરલ | ખાસ અંગભૂત ઘટક | આદિજાતી ઘટક | કુલ |
|---|---|---|---|---|
| ૨૦૦૭-૦૮ | ૧૮૪.૨૧ | ૮૯.૩૨ | ૧૫૩૪.૮૩ | ૧૮૦૮.૩૬ |
| ૨૦૦૮-૦૯ | ૧૪૬.૨૪ | ૧૩૬૬.૯૯ | ૩૧૮.૭૬ | ૧૮૩૧.૯૯ |
| ૨૦૦૯-૧૦ | -- | ૪૧૫૩.૪૨ | ૧૯૫.૦૭ | ૪૩૪૮.૪૯ |
| ૨૦૧૦-૧૧ | -- | ૨૩૮.૦૦ | -- | ૨૩૮.૦૦ |
| ૨૦૧૧-૧૨ | -- | ૬૧૭.૬૦ (અગાઉના વર્ષની બચત ગ્રાંટમાંથી) | -- | ૬૧૭.૬૦ |
| **કુલ** | **૩૩૦.૪૫** | **૬૪૬૫.૩૩** | **૨૦૪૮.૬૬** | **૮૮૪૪.૪૪** |

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૧/૧૨/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃ મફબ/૧૧૨૦૦૯/૩૧૨૭/ધ થી આ યોજનાના કામો સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં આવરી લેવાયેલ હોઇ આ યોજના બંધ કરવામાં આવેલ છે

## ૫. નગર વિકાસ શ્રીનિધિ યોજના (લોન)

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૧૮-૧૦-૨૦૦૬ના ઠરાવ ક્રમાંક : મફબ/૧૧૨૦૦૫/૬૦૭૮/આર થી નગરપાલિકા/મહાનગરપાલિકાઓ માટે રાજય સરકારશ્રી ધ્વારા શહેરી સ્થાનિક સંસ્થાઓ આર્થિક રીતે સક્ષમ હોવા છતાં જુદી જુદી યોજનામાંથી લોન મેળવીને વધુ જવાબદારી ઉભી ન કરે અને શહેરી વિકાસનો સરકારશ્રીનો હેતુ સિધ્ધથઇ શકે તે માટે યુડીપી -૧૩ કોન્ટ્રીબ્યુશન અર્બન ડેવલપમેન્ટ, યુડીપી– ૧૫ કોન્ટ્રીબ્યુશન ફાઇનાન્સ ફોર મ્યુનિસિપલ કોર્પોરેશન તથા યુડીપી-૧૬ ક્રીએશન ઓફ રીવોલ્વીંગ ફંડ ફોર અર્બનની યોજના એવી ત્રણ યોજનાઓને ભેળવીને નવી નગર વિકાસ શ્રીનિધિ યોજના સને ૨૦૦૬-૦૭ના વર્ષથી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના હેઠળ લોન મંજુર કરવાની મર્યાદા રૂ૧૦૦ લાખની છે. આ લોન નગરપાલિકાએ ૫ ટકાના વ્યાજે એક વર્ષના મોરીટોરીયમ પીરીયડ પછી ૧૦ વાર્ષિક સરખા હપ્તામાં પરત કરવાની રહેશે.

આ યોજના હેઠળ નીચેના હેતુઓનો સમાવેશ કરવામાં આવેલ છે. મહાનગરપાલિકા માટે નીચેના હેતુ પૈકી વળતર મળી શકે તેવા પ્રોજેકટો માટે લોન મંજુર કરી શકાય છે

૧. જાહેર સુવિધાના કામો જેવા કે પાણી પુરવઠા, ગટર વ્યવસ્થા, જાહેર રસ્તા, જાહેર દિવાબત્તી, વરસાદી પાણીની ગટર, ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપનના કામ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ, તળાવના વિકાસ, કોમ્યુનિટિ હોલના કામો વિગેરે.

૨. વળતર મળી શકે તેવા કામો, જેવા કે શોપીંગ સેન્ટર, શાકભાજી, ફળફળાદી, ફુલ બજાર, રીક્રીએશન પાર્ક, વોટર પાર્ક, સ્પોટસ કોમ્પલેક્ષ વિગેરે.
૩. કોઇ યોજના માટે નગરપાલિકાઓને ભોગવવાની થતી સમાન ફાળાની રકમ પેટે
૪. નગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ વિકાસના કામોના પ્રોજેકટની ગ્રાંટ સિવાયની બાકી અંદાજીત ખર્ચની રકમ મેળવવા માટે.
૫. બ્રીજ લોન (સરકારશ્રીમાંથી કે બીજા જાહેર નિગમો કે બોર્ડ પાસેથી કોઇ ચોક્કસ યોજના માટે / કામો માટે લોન અથવા ગ્રાંટ મંજુર થયેલ હોય પરંતુ તે લોન અથવા ગ્રાંટ મળવામાં વિલંબ થાય તેમ હોય અને કામો શરૂ કરવા જરૂરીહોય તો ટુંકાગાળા માટે લોન આપવી)

**આ યોજના હેઠળ વર્ષવાર નીચે મુજબ લોન ચૂકવવામાં આવેલ છે**

| ક્રમ | વર્ષ | ચુકવેલ લોન રૂ!. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૧૧૭.૬૭ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૬૭૪.૧૫ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૨૩૮.૩૪ |
| ૪ | ૨૦૦૯-૧૦ | ૫૪૦.૧૩ |
| ૫ | ૨૦૧૦-૧૧ | ૪૯૨.૫૬ |
| ૬ | ૨૦૧૧-૧૨ | ૪૫૮.૭૨ |
| ૭ | ૨૦૧૨-૧૩ (જુન-૧૨ અંતિત) | ૩૧.૮૬ |

## ૬. વાજપાઇ નગર વિકાસ યોજના :

રાજય સરકારે નગરપાલિકાઓમાં આંતરમાળખાકીય સુવિધાના કામો જેવા કે પાણી પુરવઠો ગટર વ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ ઘન કચરાનો નિકાલ, સુધ્ધિકરણ પ્લાન્ટ, ગંદા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ જાહેર આરોગ્ય, જાહેર રસ્તા, જાહેર દિવાબત્તી, અગ્નિશામક સાધનો, રેઇન વોટર હાર્વેસ્ટીંટ, તળાવો અને પરકોલેટીંગ વેલટેંક વિગેરે કામો માટે લોન/ગ્રાંટ સ્વરૂપે નાણાં ઉપલબ્ધ કરીને, નગરપાલિકાની સેવાઓ સુદ્રઢ કરવા આ યોજનાનો પ્રથમ તબક્કો તા.૨૪-૩-૯૯થી અમલમાં મૂકેલ છે પ્રથમ તબક્કાનાં પ્રોત્સાહિત પરિણામો ધ્યાને લઇ યોજનાનો બીજો તબક્કો તા.૮-૧૨-૨૦૦૦થી અમલમાં મૂકેલ છે

**આ યોજનાના ગ્રાંટ / લોનના ધોરણો નીચે મુજબ છે.**

**લોન અને ગ્રાંટ અંગેના ધોરણો**

**(પ્રથમ તબક્કો)** **(રૂ/.કરોડમાં)**

| ન.પા.નો વર્ગ | વસતિ | યોજનાની મહત્તમ રકમ રૂ!/- | સહાયનું ધોરણ (ટકા) | સંસ્થાકીય લોન (ટકા) | ૧૦% લેખે વધારાની સહાય રૂ!/- |
|---|---|---|---|---|---|
| અ | એક લાખથી વધુ | ૨.૦૦ | ૪૦ | ૬૦ | ૦.૨૦ |
| બ | પચાસ હજારથી વધુ એક લાખ સુધી | ૧.૫૦ | ૫૦ | ૫૦ | ૦.૧૫ |
| ક | પચીસ હજારથી વધુ પચાસ હજારથી ઓછી | ૧.૦૦ | ૫૦ | ૫૦ | ૦.૧૦ |
| ડ | પચીસ હજારથી ઓછી | ૧.૦૦ | ૫૦ | ૫૦ | ૦.૧૦ |

**લોન અને ગ્રાંટ અંગેના ધોરણો**

**(બીજો તબક્કો)** **(રૂ/.કરોડમાં)**

| ન.પા.નો વર્ગ | વસતિ | યોજનાની મહત્તમ રકમ રૂ/- | સહાયનું ધોરણ (ટકા) | સંસ્થાકીય લોન (ટકા) | ૧૦% લેખે વધારાની સહાય રૂ/- |
|---|---|---|---|---|---|
| અ | એક લાખથી વધુ | ૨.૫૦ | ૫૦ | ૫૦ | ૦.૨૫ |
| બ | પચાસ હજારથી વધુ એક લાખ સુધી | ૨.૦૦ | ૬૦ | ૪૦ | ૦.૨૦ |
| ક | પચીસ હજારથી વધુ પચાસ હજારથી ઓછી | ૧.૫૦ | ૭૦ | ૩૦ | ૦.૧૫ |
| ડ | પચીસ હજારથી ઓછી | ૧.૫૦ | ૭૦ | ૩૦ | ૦.૧૫ |

આ યોજનામાં કામોની પસંદગી સ્થનિક જરૂરિયાતોના આધારે નક્કી કરી શકાય તે માટે (૧) નગરપાલિકા કક્ષાની અમલીકરણ સમિતિ તથા (૨) જિલ્લા કક્ષાની સમિતિની રચના કરેલી છે.

નગરપાલિકા કક્ષાએ નગરપાલિકાની અમલીકરણ સમિતિ આ યોજના હેઠળ હાથ ધરવાના કામોની અગ્રીમતા મુજબ પસંદગી કરી નગરપાલિકા તેની સામાન્ય સભાની મંજુરી માટે મોકલે છે નગરપાલિકા ત્યારબાદ જિલ્લા કક્ષાની સમિતિ સમક્ષ મંજુરી માટે આ દરખાસ્ત રજુ કરે છે. તાંત્રિક મંજુરી મેળવી જીલ્લા કલેકટરશ્રીના અભિપ્રાય સાથે વહીવટી મંજુરી માટે આ દરખાસ્ત ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને મોકલવામાં આવે છે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ નાણાકીય જોગવાઇને ધ્યાને લઇ આ દરખાસ્તને વહીવટી મંજુરી આપે છે અને ત્યારબાદ સંબધિત નગરપાલિકા મંજુર થયેલ કામો હાથ ધરે છે.

આ યોજના હેઠળ પ્રથમ તબક્કામાં રૂ/-૧૫૫.૬૧ કરોડ તથા બીજા તબક્કામાં રૂ.૨૮૭.૬૩ કરોડ મળી કુલ રૂ.૪૪૩.૨૪ કરોડ ચૂકવેલ છે

**પ્રગતિ અહેવાલ પ્રથમ તબક્કો :** **(રૂ!. કરોડમાં)**

| અ.નં. | કામોનો પ્રકાર | કામોની સંખ્યા | મંજુર કરેલ રકમ રૂ!. | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | ન.પા.ધ્વારા કરવામાં આવેલ ખર્ચ રૂ!. |
|---|---|---|---|---|---|
| ૧ | પાણી પુરવઠા | ૧૦૪૧ | ૭૨.૯૯ | ૯૧૦ | ૬૩.૮૧ |
| ૨ | ગટર વ્યવસ્થા | ૫૮૨ | ૩૧.૬૨ | ૫૧૨ | ૨૮.૦૫ |
| ૩ | રસ્તા | ૧૭૧૨ | ૪૮.૬૦ | ૧૫૯૧ | ૪૩.૨૯ |
| ૪ | વીજળીકરણ | ૧૦૩ | ૨.૮૨ | ૯૭ | ૨.૩૩ |
| ૫ | અન્ય કામો | ૨૯૯ | ૮.૭૮ | ૨૫૫ | ૭.૬૦ |
| ૬ | ગંદા વિસ્તારના કામો | ૮૧૨ | ૧૭.૭૧ | ૭૧૬ | ૧૩.૭૩ |
| | **કુલ** | **૪૫૪૯** | **૧૮૨.૫૦** | **૪૦૮૧** | **૧૫૮.૮૧** |

**પ્રગતિ અહેવાલ બીજો તબક્કો :** **(રૂ/- કરોડમાં)**

| અ.નં. | કામોનો પ્રકાર | કામોની સંખ્યા | મંજુર કરેલ રકમ રૂ!. | પૂર્ણ થયેલ કામોની સંખ્યા | ન.પા.ધ્વારા કરવામાં આવેલ ખર્ચ રૂ!. |
|---|---|---|---|---|---|
| ૧ | પાણી પુરવઠા | ૭૧૬ | ૫૭.૮૪ | ૪૬૩ | ૪૫.૨૩ |
| ૨ | ગટર વ્યવસ્થા | ૯૦૨ | ૪૯.૦૯ | ૫૩૧ | ૨૮.૮૯ |
| ૩ | રસ્તા | ૩૦૩૬ | ૧૧૯.૧૭ | ૨૧૧૧ | ૮૫.૨૦ |
| ૪ | વીજળીકરણ | ૮૬ | ૩.૫૪ | ૬૩ | ૧.૯૫ |
| ૫ | અન્ય કામો | ૨૦૪ | ૧૧.૫૧ | ૧૪૪ | ૭.૧૪ |
| ૬ | ગંદા વિસ્તારના કામો | ૫૯૭ | ૨૦.૮૦ | ૩૦૭ | ૧૧.૩૬ |
| | **કુલ** | **૫૫૪૧** | **૨૬૧.૯૫** | **૩૬૧૯** | **૧૭૯.૭૭** |

## ૭. નિર્મળ ગુજરાત કાર્યક્રમ

રાજય સરકારશ્રી ધ્વારા સને ૨૦૦૭ના વર્ષને નિર્મળ ગુજરાત વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે અને તે પછીના વર્ષમાં આ કાર્યક્રમ ચાલુ રાખેલ છેનિર્મળ ગુજરાત અભિયાન અંતર્ગત સમગ્ર શહેરી િવસ્તારમાં જાહેર સ્વચ્છતા જાળવવાનું, ધનકચરા નિકાલ અને જાહેર આરોગ્યની જાળવણી, સુરક્ષિત પીવાના પાણીનો પુરવઠો, ડ્રેનેજ સફાઇ, સરકારી મકાનોની સફાઇ ઝુંબેશ, રસ્તા પરના ટ્રાફિક / વાહન વ્યવહારનું નિયમન, જનજાગૃતિ અંગેના પગલાં વગેરે કામગીરીનો

સમાવેશ કરવામાં આવેલ છે. આ કામગીરી મહાનગરપાલિકા / નગરપાલિકા વિસ્તારમાં કરવામાં આવે છે. આ યોજના હેઠળ નીચે દર્શાવેલાં કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવેલ છે

## (ક) (૧) સસ્તાદરના શૌચાલયની યોજના (અર્બન લો-કોસ્ટ સેનીટેશન) / નિર્મળ ગુજરાત શૌચાલય યોજના

આ યોજના હેઠળ રાજયની નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓના શહેરી વિસ્તારના સસ્તા દરના શૌચાલયની યોજના હેઠળ બી.પી.એલ. કુટુંબો/અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિના કુટુંબો માટે વ્યકિતગત શૌચાલય સરકારશ્રી ધ્વારા નિયુકત નોડલ એજન્સીઓ ધ્વારા બાંધવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૨-૦૩થી ૨૦૦૭-૨૦૦૮ સુધી કુલ– ૧૨૯૫૨૮ શૌચાલયો બાંધવામાં આવેલ છે. જેની વર્ષવાર વિગત નીચે પ્રમાણે છે.

| **ક્રમ** | **વર્ષ** | **ફાળવેલ લક્ષ્યાંક** | **પુર્ણ કરેલ શૌચાલય** | **ખર્ચ રૂ/- (લાખમાં)** |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૨-૦૩ | ૫૦૦૦ | ૫૦૦૦ | ૨૦૦.૦૦ |
| ૨ | ૨૦૦૩-૦૪ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૧૦૦.૦૦ |
| ૩ | ૨૦૦૪-૦૫ | ૩૭૭૮ | ૩૭૭૮ | ૧૫૧.૦૦ |
| ૪ | ૨૦૦૫-૦૬ | ૧૦૭૫૦ | ૧૦૭૫૦ | ૪૩૦.૦૦ |
| ૫ | ૨૦૦૬-૦૭ | ૩૨૫૦૦ | ૩૨૫૦૦ | ૧૩૦૦.૦૦ |
| ૬ | ૨૦૦૭-૦૮ | ૭૫૦૦૦ | ૭૫૦૦૦ | ૩૦૦૦.૦૦ |
|  | **કુલ** | **૧૨૯૫૨૮** | **૧૨૯૫૨૮** | **૫૧૮૧.૧૨** |

વ્યકિતગત શૌચાલયની સુવિધા પુરી પાડવા અંગે સસ્તાદર શૌચાલય યોજનામાં સર્વગ્રાહી સુધારા વધારા કરી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૨૪-૧૦-૦૮ના ઠરાવથી રાજય સરકારશ્રી ધ્વારા નિર્મળ ગુજરાત શૌચાલય યોજના અમલમાં મૂકવામાં આવેલ છેઆ યોજના અન્વયે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૨૨-૧૨-૦૮ના ઠરાવથી ૧૪૭ સંસ્થાઓની પસંદગી કરી૧ (એક લાખ) શૌચાલયનો લક્ષ્યાંક અને જીલ્લા / મહાનગરપાલિકાની સંસ્થાઓને ફાળવણી કરવામાં આવેલ છે. ત્યાર બાદ વર્ષ ૨૦૧૦-૧૧માં બાકી લક્ષ્યાંકો પૂર્ણ કરવા વધારાની નવીન કુલ (૬૮) સ્વૈચ્છિક સંસ્થાઓની નિમણુંક કરવામાં આવેલ છેઆ યોજના હેઠળ શહેરી વિસ્તારમાં શૌચાલયથી વંચિત તમામ કુટુંબોને શૌચાલયની સુવિધા પુરી પાડવાની રહે છે આ યોજના હેઠળ સહાયનુ ધોરણ યુનીટ દીઠ રૂ૪૫૦૦/- છે. આ યોજનાનો નગરપાલિકા વિસ્તારમાં જીલ્લા શહેરી વિકાસ એજન્સી(ડુડા) અને મહાનગરપાલિકા વિસ્તારમાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મારફતે અમલ કરવામાં આવે છે. આ યોજના હેઠળ સ્થાનિક સંસ્થા ધ્વારા ૧૦૦ ટકા સ્થળ ચકાસણી પ્રાંત અધિકારીશ્રી ધ્વારા તથા મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા

અધિકૃત કરેલ સિનિયર અધિકારીશ્રી દ્વારા ૧૦ ટકા સ્થળ ચકાસણી કરવામાં આવે છે, તેમજ આ યોજના હેઠળ બનાવેલ શૌચાલયોનું ૧૦૦% થર્ડ પાર્ટી ઇન્સપેક્શન બે સ્વતંત્ર સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે.

વર્ષ ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦ તથા ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨ દરમ્યાન ફાળવેલ લક્ષ્યાંક, પુર્ણ થયેલ શૌચાલયની સંખ્યા અને થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ફાળવેલ લક્ષ્યાંક | પૂર્ણ | પ્રગતિ હેઠળના | થયેલ ખર્ચ રૂ/- (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧૦૦૦૦૦ | ૯૧૦૭૨ | ૨૧૫ | ૪૦૯૮.૨૪ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૧૬૧૦૦૦ | ૧૧૭૧૫૨ | ૩૨૫ | ૫૨૭૧.૮૪ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૩૧૬૩૬ | ૩૧૬૩૬ | -- | ૧૪૨૩.૬૨ |
| ૪ | ૨૦૧૧-૧૨ (જાન્યુ-૧૨ અંતિત) | ૧૨૯૧૩૯ | ૧૦૭૯૩ | ૨૨૭ | ૪૮૫.૬૯ |

## નિર્મળ ગુજરાત શૌચાલય યોજના વર્ષ – ૨૦૦૮-૦૯ થી ૨૦૧૦-૧૧

| ક્રમ | વર્ષ | લક્ષ્યાંક | પુર્ણ | પ્રગતિ | બાકી | ચુકવેલ સહાય |
|---|---|---|---|---|---|---|
| **૧** | **૨૦૦૮-૦૯** | **૧૦૦૦૦૦** | **૯૩૭૫૦** | **૨૬૯૮** | **૫૫૬૮** | **૩૦૫૬૩૨૫૯૬** |
| **૨** | **૨૦૦૯-૧૦** | **૧૬૧૦૦૦** | **૧૧૮૦૪૬** | **૫૬૨૫** | **૩૭૩૨૯** | **૩૯૫૮૯૪૭૦૩** |
| **૩** | **૨૦૧૦-૧૧** | **૧૬૦૭૭૫** | **૫૦૫૭૬** | **૧૦૪૦૪** | **૧૦૦૧૧૦** | **૧૧૦૮૧૮૪૩૯** |

## (ક) (૨). પે એન્ડ યુઝ શૌચાલય અંગેની ગ્રાંટ

રાજય સરકારશ્રી દ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ અંગેના ધોષણાપત્રમાં શહેરી વિસ્તારોમાં અગત્યનાં સ્થળોએ મોટા પ્રમાણમાં પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બનાવવાનું નકકી કરવામાં આવેલ છે. આ હેતુ માટે રાજય સરકારશ્રી દ્વારા ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડની " નોડલ એજન્સી " તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. નગરપાલિકા/ મહાનગરપાલિકા/ સત્તામંડળો, પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોક બનાવતી માન્ય સંસ્થાઓ ઉપરાંત આ કામગીરીનો અનુભવ ધરાવતી અન્ય સંસ્થાઓ મારફત પે એન્ડ યુઝ ટોયલેટ બનાવે છે.

(રૂ!.લાખમાં)

| ક્રમ | વર્ષ | લક્ષ્યાંક | પુર્ણ કરેલ પે એન્ડ યુઝ ટોઇલેટ બ્લોકની સંખ્યા | ચુકવેલ રકમ | થયેલ ખર્ચ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૦૫-૦૬ | ૫૬૦ | ૯૫૬ | ૪૬૦૪.૦૦ | ૪૩૩૪.૦૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૨૫૦ | | | |
| ૩ | ૨૦૦૭-૦૮ | ૧૨૫ | | | |
| ૪ | ૨૦૦૮-૦૯ (સ્લમ વિસ્તારમાં) | ૧૮૦ | | | |
| ૫ | ૨૦૧૦-૧૧ | ૩૬ | | | |
| | કુલ | **૧૧૫૧** | **૯૫૬** | **૪૬૦૪.૦૦** | **૪૩૩૪.૦૦** |

## (ખ) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને ડીસ્પોઝલ સાઇટ માટે સહાય

રાજયની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલ (વ્યવસ્થાપન અને નિયંત્રણ) નિયમો – ૨૦૦૦માં નિર્દિષ્ટ ઘન કચરાના નિકાલની કામગીરી માટે રાજય સરકાર તરફથી સહાય ચૂકવવામાં આવે છે રાજય સરકારે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની લીમીટેડ (જી.યુ.ડી.સી.) ની નગરપાલિકાઓને ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ગોઠવવામાં મદદ કરવા “નોડલ એજન્સી“ તરીકે નિમણૂંક કરી છે

| ક્રમ | વર્ષ | ફાળવેલ ગ્રાંટ રૂ!.લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૦-૦૧ | ૨૨૦.૦૦ | ૫ - મ.ન.પા. અને ૧- ન.પા. |
| ૨ | ૨૦૦૧-૦૨ | ૯.૦૦ | અમદાવાદ મ.ન.પા |
| ૩ | ૨૦૦૨-૦૩ | ૧૪૧.૮૧ | ૭ - મ.ન.પા. અને ૮ - ન.પા. |
| ૪ | ૨૦૦૩-૦૪ | ૫૦૦.૦૦ | ૭ - મ.ન.પા. અને ૮ - ન.પા. |
| ૫ | ૨૦૦૪-૦૫ | ૧૬૫.૦૦ | ૩ - મ.ન.પા. અને ૮ - ન.પા. |
| ૬ | ૨૦૦૫-૦૬ | ૧૫૨૦.૦૦ | ૪ - મ.ન.પા.ને રૂ!. ૭૦૦.૦૦ લાખ અને GUDC ને રૂ!. ૮૨૦.૦૦ લાખ |
| ૭ | ૨૦૦૬-૦૭ | ૧૫૨૦.૦૦ | GUDCને ચુકવેલ છે. |
| ૮ | ૨૦૦૭-૦૮ | ૧૦૦૦.૦૦ | નિર્મળ ગુજરાત અંતર્ગત નવી૩૧ ન.પા. માટે GUDCને ચુકવેલ છે. |
| ૯ | ૨૦૦૮-૦૯ | ૪૯૫.૦૦ | વડોદરા મહાનગરપાલિકા અને ગાંધીનગર નોટીફાઇડને ચુકવેલ છે |
| ૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૪૧.૪૦ | ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગર |
| ૧૧ | ૨૦૧૦-૧૧ | ૬૯૧.૯૧ | શહેરી વિકાસ સત્તા મંડળ / વિસ્તાર વિકાસ મંડળો |
| | **કુલ** | **૬૫૦૪.૧૨** | |

## (ગ) વિદ્યુત અને ગેસ આધારિત સ્મશાનગૃહ (કૈલાસધામ) યોજના

આ યોજના નગરપાલિકા વિસ્તારમાં સ્મશાનગૃહોમાં લાંકડાનો વપરાશ ઓછો થાય તેમજ ધુમાડાને કારણે પર્યાવરણ નુકશાન ન થાય તે માટે નગરપાલિકા વિસ્તારમાં વધુ ને વધુ વિદ્યુત અને ગેસ આધારિત સ્મશાનગૃહો બંધાય તે માટે સહાયક અનુદાન આપવાની યોજના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૫-૧-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક : વસભ/ ૧૧૨૦૦૬/ ૪૦૫૮/ર થી અમલમાં આવેલ છે.

- આ યોજનાના ખર્ચ પેટે થનાર ખર્ચની ૫૦ ટકા રકમ રાજય સરકાર અને ૫૦ ટકા રકમ નગરપાલિકાએ ભોગવવાની રહે છે.
- પરંતુ જો નગરપાલિકાએ વિદ્યુત/ગેસ આધારિત અંતિમ ધામ બનાવી દીધેલ હોય અને આ યોજનાનો લાભ લેવા ઇચ્છતી નથી, તે નગરપાલિકાને ભઠ્ઠીના થયેલ ખર્ચનાં ૩૦ ટકા જેટલી સહાય એક જ વખતની મદદ તરીકે કરવામાં આવે છે

નગરપાલિકાઓને ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | નગરપાલિકાનું નામ | ચુકવેલ સહાયની રકમ રૂા.લાખમાં | હેતુ |
|---|---|---|---|
| ૧ | મોરબી | ૮.૬૧ | નિભાવ ખર્ચ પેટે |
| ૨ | સુરેન્દ્રનગર-દૂધરેજ | ૨૦.૪૨ | ઇલેકટ્રીક ભઠ્ઠીના કામે |
| ૩ | પારડી | ૧૦.૮૫ | ગેસ આધારિત ભઠ્ઠીના કામે |
| ૪ | બોટાદ | ૧૩.૯૧ | ગેસ આધારિત ભઠ્ઠીના કામે |
| ૫ | ખંભાત | ૪.૫૬ | નિભાવ ખર્ચ માટે |
| ૬ | વલ્લભ વિદ્યાનગર | ૬.૯૪ | ગેસ આધારિત સ્મશાનગૃહના કામે |
| ૭ | ગણદેવી | ૭.૪૫ | ગેસ આધારિત ભઠ્ઠી તથા રૂમ બાંધકામ માટે |
| ૮ | વિસાવદર | ૧૫.૦૦ | સ્મશાનગૃહના આધુનિકરણ માટે |
| ૯ | કુતિયાણા | ૧૫.૦૦ | સ્મશાનગૃહના આધુનિકરણ માટે |
| ૧૦ | ઇડર | ૧૫.૦૦ | સ્મશાનગૃહના આધુનિકરણ માટે |
| | **કુલ** | **૧૧૭.૭૪** | |

આ ઉપરાંત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૨૧/૧૨/૨૦૧૧ના ઠરાવથી નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહોના આધુનિકરણ માટે નવા ૨૨ કામો માટે અવર્ગની નગરપાલિકાઓને રૂા.૨૫ લાખ, બ – વર્ગની નગરપાલિકાને રૂા.૨૦ લાખ તથા ક અને ડ – વર્ગની નગરપાલિકાને રૂા.૧૫ લાખ સહાય આપવાનું ઠરાવેલ છે.

આ અનુદાન મેળવવા માટે નગરપાલિકાઓએ કામોના નકશા તથા અંદાજો તૈયાર કરી, તાંત્રિક મંજુરી સહિતની દરખાસ્ત કલેકટરશ્રીનાં અભિપ્રાયસહ વહીવટી મંજુરી માટે ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને મોકલવાની રહે છે.

## (ધ) નિર્મળ ગુજરાત – ૨૦૦૭ અંતર્ગત સફાઇવેરા પ્રોત્સાહક અનુદાન :

રાજય સરકારે સને ૨૦૦૭ના વર્ષને નિર્મળ ગુજરાત વર્ષ તરીકે જાહેર કરેલ છે તેના સંદર્ભે રાજયની નગરપાલિકાઓ સમગ્ર શહેરમાં સ્વચ્છતાનું વાતાવરણ સર્જાય તે માટે નગરપાલિકા અધિનિયમની જોગવાઇઓ અન્વયે નગરપાલિકાઓ સફાઇ વેરો નાંખી સફાઇની વિવિધ કામગીરી કરી નિર્મળ ગુજરાત વર્ષ ૨૦૦૭ને સફળ બનાવે તે માટે દરેક નગરપાલિકાઓને પ્રોત્સાહન આપવા ૨૦૦૬-૦૭માં ઉઘરાવેલ સફાઇ વેરાની રકમ સામે સરકારશ્રી તરફથી તેટલી જ રકમ સફાઇવેરા પ્રોત્સાહક અનુદાન તરીકે વર્ષ ૨૦૦૭-૦૮માં આપવામાં આવેલ છે તેવી જ રીતે વર્ષ ૨૦૦૭-૦૮માં ઉઘરાવેલ સફાઇવેરાની રકમ સામે સરકારશ્રી તરફથી તેટલી જ રકમ સફાઇવેરા પ્રોત્સાહક અનુદાન તરીકે વર્ષ ૨૦૦૮-૦૯માં આપવામાં આવેલ છે તથા વર્ષ ૨૦૦૮-૦૯માં ઉઘરાવેલ સફાઇવેરાની રકમ સામે સરકારશ્રી તરફથી તેટલી જ રકમ સફાઇવેરા પ્રોત્સાહક અનુદાન તરીકે વર્ષ ૨૦૦૯-૧૦માં આપવામાં આવેલ છે આ યોજનાનો લાભ નગરપાલિકાઓને સને-૨૦૧૦-૧૧ના વર્ષ સુધી લંબાવેલ છે આ યોજના હેઠળ વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | નગરપાલિકાઓની સંખ્યા | ચુકવેલ ગ્રાંટ રૂ લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૪૯ | ૩૯૯.૪૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૬૩ | ૫૮૨.૮૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૧૦૫ | ૧૦૭૯.૪૨ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૧૨૧ | ૧૫૯૯.૭૫ |
| ૫ | ૨૦૧૧-૧૨ (જાન્યુ-૧૨ અંતિત) | ૯૫ | ૧૬૨૯.૯૯ |

## (ચ) અમૃતધારા યોજના :

રાજયની તમામ નગરપાલિકાઓમાં સ્વચ્છ પીવા લાયક પાણીનો પુરવઠો મળી રહે તે માટે માળખાકીય સુવિધાઓ પુરી પાડવા નગરપાલિકાનાં પાણી પુરવઠાના પ્રોજેકટ માટે સહાય કરવા માટે રાજય સરકારે સને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષથી અમૃતધારા યોજના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮-૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક : અધર/ ૧૦૨૦૦૪/ ૨૦૨૩/ ધ, તા.૨૮-૩-૨૦૦૫થી શરૂ કરેલ છે. આ યોજના હેઠળ નગરપાલિકાઓને પાણી પુરવઠા યોજના માટે તબક્કાવાર રૂ.૧ કરોડની સહાય ફાળવવાનું નક્કી કરેલ છે

## વર્ષવાર ફાળવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ રૂ!. લાખમાં | નગરપાલિકાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | ૪૯૦૧.૦૦ | ૫૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૩૮૨૨.૦૦ | ૪૯ |
| 3 | ૨૦૦૯-૧૦ | ૬૪.૨૩ | ૧ |
| | કુલ | ૮૭૮૭.૨૩ | |

નિર્મળ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત અમૃતધારા ઘટક હેઠળ પીવાના પાણી માટે નીચે મુજબ ગ્રાંટ ફાળવેલ છે.

| ક્રમ | વર્ષ | ફાળવેલ રકમ રૂ!. લાખમાં | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૧૬૦૦.૦૦ | નિર્મળ ગુજરાત (જનરલ) હેઠળ ૭ નગરપાલિકાઓને રૂ!.૬૦૦.૦૦ લાખ અને નિર્મળ ગુજરાત (SCSP) હેઠળ નગરપાલિકાઓના અનુસુચિત જાતિ વિસ્તારમાં પીવાના પાણી માટે GUDM ને રૂ!.૧૦૦૦.૦૦ લાખ ચુકવેલ છે. |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૮૩૮૦.૦૦ | નિર્મળ ગુજરાત (જનરલ) હેઠળ ગાંધીધામ નપા.ને રૂ!.૧૦૦.૦૦ લાખ અને રૂ!. ૪૧૮૦.૦૦ લાખ ન.પા.ઓમાં પાણીના પ્રોજેકટ માટે GUDMને ચુકવેલ છે. નિર્મળ ગુજરાત (SCSP) હેઠળ ન.પા.ઓના અનુસુચિત જાતિ વિસ્તારમાં પીવાના પાણી માટે GUDM ને રૂ!.૪૧૦૦.૦૦ લાખ ચુકવેલ છે. |
| 3 | ૨૦૦૯-૧૦ | ૭૭૪૩.૫૦ | નિર્મળ ગુજરાત (જનરલ) હેઠળ રૂ!. ૪૧૪૩.૫૦ લાખ ન.પા.ઓમાં પાણી પુરવઠા / ડ્રેનેજ માટે અને નિર્મળ ગુજરાત (SCSP) હેઠળ ન.પા.ઓના અનુસુચિત જાતિ વિસ્તારમાં પાણી પુરવઠા/ ડ્રેનેજ માટે GUDM ને રૂ!.૩૬૦૦.૦૦ લાખ ચુકવેલ છે. |
| | કુલ | ૧૭૭૨૩.૫૦ | |

### (૭) એનર્જી ઓડીટ યોજના :-

રાજયની સ્થાનિક સંસ્થાઓમાં વીજ વપરાશના વિવિધ સાધનોમાં વપરાતો વીજળી વપરાશ કાર્યક્ષમ રીતે વપરાય તેમજ આવા વીજ વપરાશનું કાર્યક્ષમતાના ધોરણે પરિમાણ થઇ

શકે તે હેતુથી એનર્જી સેવીંગ ઇકવીપમેન્ટસનો વધુને વધુ ઉપયોગ કરવામાં આવે તે માટે રાજય સરકારશ્રીએ એનર્જી ઓડીટ કરાવવાનું નક્કી કરી એનર્જી ઓડીટ યોજના અમલમાં મૂકેલ છેવર્ષ ૨૦૦૭-૦૮માં આ યોજના હેઠળ રૂ૨૦૦/- લાખ ચુકવેલ છે. એનર્જી ઓડીટ માટે ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની, ગાંધીનગરને નોડલ એજન્સી તરીકે નિમણૂંક આપેલ છે

## ૮. નગરપાલિકાઓની સુ-શાસન યોજના :-

સને ૨૦૦૭-૦૮ના વર્ષથી નીચે દર્શાવેલ ત્રણ પેટા યોજનાઓનો સમાવેશ નગરપાલિકા સુશાસન યોજના હેઠળ કરવામાં આવેલ છે આ યોજના હેઠળ વર્ષવાર નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | જોગવાઇ રૂ!. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૪૫૬.૦૦ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૮૦૦.૦૦ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૮૭૧.૨૦ |
| ૪ | ૨૦૧૧-૧૨ | ૮૭૧.૦૦ |
| ૫ | ૨૦૧૨-૧૩ | ૧.૦૦ |

### (ક). જીલ્લા કક્ષાએ ડિસ્ટ્રીકટ અર્બન ડેવલપમેન્ટ એજન્સી (ડુડા)ને સ્ટાફ આપી સુદ્રઢ કરવા માટે જીલ્લા વિકાસ બોર્ડની સ્થાપનાઃ

દરેક જિલ્લામાં સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાની અમલવારી સરળરીતે થઇ શકે અને જિલ્લા કક્ષાએ ગ્રામ્ય વિકાસ એજન્સીની જેમ શહેરી વિસ્તારોમાં પણ રોજગાર યોજનાનું સંકલન કરવા તથા મોનીટરીંગ કરવાના ઉદ્દેશથી સારૂ ડિસ્ટ્રીકટ અર્બન ડેવલપમેન્ટ એજન્સીની રચના કરવામાં આવેલ છે. તમામ નગરપાલિકાઓમાં આ યોજનાઓમાં અમલીકરણ પર દેખરેખ અને નિયંત્રણ થઇ શકે અને અમલવારીમાં સરળતા માટે જિલ્લાકક્ષાએ માર્ગદર્શન મળી રહે તે માટે જરૂરી મહેકમ ઉભુ કરવામાં આવેલ છે

### (ખ) નગરપાલિકાઓના કર્મચારીઓ અને પદાધિકારીઓને તાલીમ આપી શહેરી સ્થાનિક સંસ્થાઓને સંગીન બનાવવાની યોજના :

નગરપાલિકાઓના વહીવટી માળખાની ક્ષમતા વધે, વહીવટી અને નાણાંકીય બાબતોનું સંચાલન કાર્યક્ષમ રીતે થાય તે હેતુથી રાજયની નગરપાલિકાઓના અધિકારીઓ પદાધિકારીઓ અને કર્મચારીઓને તાલીમ આપવાની યોજના સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ધ્વારા સને ૧૯૯૮/૯૯ના વર્ષથી શરૂ કરેલ છે. નગરપાલિકા કક્ષાએ વહીવટમાં આવતા

રોજ – બ રોજનાં વિષયો જેવા કે સીટીઝન ચાર્ટર, બજેટ, નાણાકીય નિયમો, કચેરી કાર્યપધ્ધતિ, ઘન કચરાનો નિકાલ અને વ્યવસ્થા, કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન વગેરે વિષયો ઉપર તાલીમ આપવાની વ્યવસ્થા રાજય સરકાર દ્વારા અધિકૃત કરેલ સંસ્થાઓ મારફતે કરવામાં આવે છે.

## ૯. ઓકટ્રોય વળતર ગ્રાંટ યોજનાઃ

## (ક) નગરપાલિકાઓને ઓકટ્રોય વળતર ગ્રાંટની યોજના.

રાજય સરકારે તા. ૧-૫-૨૦૦૧ ના વટહુકમથી રાજયની તમામ નગરપાલિકા વિસ્તારમાંથી જકાત નાબુદીના આદેશો કરેલા છે. જકાત નાબુદ થતાં નાગરપાલિકાઓને મળતી આવકના પ્રશ્ન બાબતે પણ સરકારશ્રીએ ગંભીરતા પુર્વક વિચારણા કરીને નગરપાલિકામાં જકાત વસુલ કરવામાં આવતી હતી તે નગરપાલિકાઓની છેલ્લા ત્રણ વર્ષની જકાતની આવકની સરેરાશ પ્રમાણે જકાત નાબુદીના વળતર રૂપે ખાસ ગ્રાંટ ફાળવણીના આદેશ કર્યા છે જયાં જકાત વસુલ કરવામાં આવતી નથી ત્યાં ૨૦૦૧ ની વસ્તીના ધોરણે માથાદીઠ રૂ/-. ૧૦/- પ્રમાણે ગણતરી કરીને ગ્રાંન્ટ ફાળવણી કરવાનું નકકી કરેલ છે.

રાજયની ૧૫૯ નગરપાલિકાઓને છેલ્લા ત્રણ વર્ષની જકાતની આવક સરેરાશ ધ્યાનમાં લઇને જકાત વળતર પેટે ગ્રાંન્ટ ચુકવણી કરવામાં આવેલ છે તેમને દર વર્ષે ૭ % વધારો ચુકવેલ છે. ત્યારબાદ વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, તથા ૨૦૦૬-૦૭ માટે ૧૦ % વધારો ચુકવવાનું નકકી થતાં ૧૦ % વધારો ચુકવવામાં આવેલ છે રાજયની નગરપાલિકાઓને સને ૨૦૦૬-૦૭માં કરેલ ચુકવણીના ધોરણે મળવાપાત્ર ૧૦ ટકા વધારાની રકમ સને ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯, ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ તથા ૨૦૧૧-૧૨ના વર્ષમાં ઓકટ્રોય વળતરની ગ્રાંટહેઠળ ચુકવવામાં આવે છે

### વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ રૂ/- લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૨૮૩૯૭.૧૧ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૨૪૬૭૨.૪૫ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૨૩૮૯૫.૧૦ |
| ૪ | ૨૦૦૯-૧૦ | ૨૩૮૩૭.૦૧ |
| ૫ | ૨૦૧૦-૧૧ | ૩૧૩૭૯.૨૯ |
| ૬ | ૨૦૧૧-૧૨ | ૩૩૨૬૪.૮૫ |
| ૭ | ૨૦૧૨-૧૩ (જૂન – ૨૦૧૨ અંતિત) | ૮૩૧૬.૨૧ |

## (ખ) મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટેની પ્રોત્સાહક ગ્રાંટ (ઓકટ્રોય વળતર ગ્રાંટ) ની યોજના :-

રાજય સરકારે તા. ૧૫-૧૧-૦૭ થી ૭ મહાનગરપાલિકાઓમાંથી ઓકટ્રોય ગ્રાંટ નાબુદ કરવાનો નિર્ણય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા ૧૨-૦૯-૦૭ ના જાહેરનામાં ક્રમાંકઃ કેપી/૨૪૫ ઓફ ૨૦૦૭/જેકસટી/૮૦૨૦૦૭/૧૯૬૩/પી થી કરેલ છે. ઓકટ્રોય નાબુદી તથા ૭ મહાનગરપાલિકાઓના વળતર તરીકે સહાયક અનુદાન ચુકવવા જયાં સુધી ફોર્મ્યુલા નકકી કરવામાં ન આવે ત્યાં સુધી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ તરફથી મહાનગરપાલિકાવાર ફાળવેલ અનુદાનની રકમ સંબંધિત મહાનગરપાલિકાને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ ચુકવવામાં આવે છે

### વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ રૂ/-કરોડમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૬૭૫.૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૧૮૨૫.૦૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૧૮૨૫.૦૦ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૧૮૩૦.૦૦ |
| ૫ | ૨૦૧૧-૧૨ | ૧૮૩૬.૦૦ |
| ૬ | ૨૦૧૨- ૧૩ (જૂન– ૨૦૧૨ અંતિત) | ૪૫૩.૦૦ |

## (૧૦) ગરીબ કુટુંબો માટેની વીજળીકરણ યોજના (ઝુંપડા વીજળીકરણ યોજના)

રાજયની મહાનગરપાલિકા / નગરપાલિકાઓ વિસ્તારના વીજ સુવિધાથી વંચિત ગરીબ કુટંબોને વીજ પુરવઠો આપવાની આ યોજના છે. આ યોજના હેઠળ એસ.જે.એસ.આર.વાય. યોજના હેઠળની યાદી મુજબના શહેરી ગરીબ લાભાર્થીઓના રહેઠાણ તથા ઉકત કુટુંબો પૈકી સરકારશ્રીની વિવિધ યોજના હેઠળ બાંધવામાં આવેલ પાકા આવાસોમાં રહે છે તેવા કુટુંબોને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. તે મુજબના લાભાર્થીઓની અરજીઓ, યોજનાના ધોરણો મુજબ નગરપાલિકા / મહાનગરપાલિકાએ તૈયાર કરી તે અરજીઓ સંબધિત વીજ કંપનીના કાર્યપાલક ઇજનેરશ્રીને મોકલી આવા લાભાર્થીઓની યાદીની નકલ નગરપાલિકા નિયામકશ્રીની કચેરી તથા ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડને સાથો સાથ મોકલી લાભાર્થીને વીજકંપની ધ્વારા સીધું વિજ જોડાણ આપવામાં આવે છે.

## (૧૧) એક લાખથી ઓછી વસ્તીવાળી નગરપાલિકાઓને ચુંટણી ખર્ચ માટે સહાયક અનુદાનઃ

રાજયની નાણાં પંચની ભલામણો અનુસાર રાજયની૧ લાખથી ઓછી વસ્તી ધરાવતી નગરપાલિકાઓને ચુટણીં ખર્ચમાટે સહાયક અનુદાન આપવાનું રાજય સરકારે તા૧૫-૯-૨૦૦૦ ના ઠરાવથી નકકી કરેલ છે. સદરહું ઠરાવમાં ચુટણી ખર્ચ અનુદાનની વિગતો તથા તે અંગેની શરતો પણ નિયત કરવામાં આવેલ છે નગરપાલિકાઓની સામાન્ય /મધ્યસ્થ /પેટા ચુંટણી માટે જે તે નગરપાલિકાને એક મતદાન મથક દીઠ રૂ।.૧૨,૦૦૦/- સહાયક અનુદાન ચુકવવાનું તેમજ ઇ.વી.એમ. મશીન તથા ઇલેકશન અંગેના અન્ય ખર્ચ માટે સહાયક અનુદાનની રકમ ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ મારફત ચુકવવામાં આવે છે

### વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧૮.૭૨ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૧૧૭.૬૮ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૩૧૩.૮૮ |
| ૪ | ૨૦૧૧-૧૨ | ૩૪.૪૦ |
| ૫ | ૨૦૧૨-૧૩ (જૂન-૨૦૧૨ અંતિત) | ૫.૦૪ |

## (૧૨) બુનિયાદી મુડી અને શહેરી સ્થાનિક સંસ્થાઓને પગાર ભથ્થા માટે નગરપાલિકાઓને સહાયક અનુદાનઃ-

આ યોજના સને-૨૦૦૧-૦૨ થી શરૂ કરવામાં આવેલ છે. તે અનુસાર આ યોજના હેઠળ નગરપાલિકાના કર્મચારીઓના પગાર ભથ્થા / મહેકમ ખર્ચ વિગેરે માટે નાણાંકીય સહાય પુરી પાડવામાં આવે છે. અગાઉ આ ગ્રાંટની ફાળવણી મિલ્કત વેરાની અકત્રિત ટકાવારીને આધારે તેમજ સને-૧૯૯૧ ની વસ્તી ગણતરી મુજબ કરવામાં આવતી હતી પરંતુ **તાજેતરમાં સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૨૧-૦૬-૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃ મફબ/૧૧૨૦૧૧/૫૪૭૦૨૦/આર થી રાજયની નગરપાલિકાઓને બુનિયાદી મુડી/ પગાર ભથ્થાની ગ્રાંટ ફાળવવા અંગેના ધોરણોમાં નીચે જણાવ્યા મુજબ સુધારો કરવામાં આવેલ છે**

રાજયની નગરપાલિકાઓમાં તા૦૧-૦૪-૨૦૦૮થી ક્ષેત્રફળ આધારિત મિલ્કત વેરાની પધ્ધતિ અમલમાં આવતાં તા.૧૫-૦૭-૧૯૯૫ના ઠરાવ ક્રમાંકઃ મફમ/૧૧૮૮/૨૩૬૧/આર તથા તા.૨૮-૦૩-૨૦૦૨ના ઠરાવ ક્રમાંકઃ જીએફસી/૧૧૨૦૦૨/૨૩૫૨/આર થી નિયત થયેલ મિલ્કત

વેરાની એકત્રિત ટકાવારીના આધારે તથા સને-૧૯૯૧ની વસ્તીના આંકડાઓની આધારે રૂા. ૩૫/- લેખે ગ્રાંટની ફાળવણીના ધોરણો અપ્રસ્તુત બનતાં સરકારશ્રીએ નીચે મુજબના સુધારેલા ગ્રાંટ ફાળવણીના ધોરણો નકકી કરેલ છે.

## (૧) વર્ષની વસુલ થયેલ મિલ્કત વેરાની રકમની ટકાવારી મુજબ મળવાપાત્ર ગ્રાંટઃ

| ક્રમ | વસુલ થયેલ મિલ્કત વેરાની રકમની ટકાવારી | નગરપાલિકાને મંજુર અને માન્ય મહેકમ ખર્ચની રકમના આધારે મળવાપાત્ર અનુદાનનો દર |
|---|---|---|
| ૧ | ૮૦ % થી વધારે વસુલાત | ૫૦ % |
| ૨ | ૬૦ % થી ૮૦ % સુધીની વસુલાત | ૪૦ % |
| ૩ | ૬૦ % થી ઓછી વસુલાત | ૩૦ % |

(૨) વર્ષ -૨૦૧૧ની વસ્તીના આંકડાને આધારે માથાદીઠ રૂા. ૬૦/- ની ગ્રાંટની ચૂકવવાની રહેશે ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વર્ષ – ૨૦૦૧ની વસ્તીને ધ્યાને લઇ માથાદીઠ રૂા. ૬૦ લેખે ગ્રાંટ ફાળવવાની રહેશે અને સને – ૨૦૧૧ની વસ્તીના અધિકૃત આંકડા ઉપલબ્ધ થયેથી તા.૦૧-૦૪-૨૦૧૨ બાદના સમયગાળાની એરિયર્સ ચુકવવાનું રહેશે

ઉપરોકત ધોરણો (૧) અને (૨) પૈકી જે રકમ વધારે થાય તે મુજબની ગ્રાંટ બુનિયદી મુડી અને પગાર ભથ્થા ગ્રાંટ તરીકે રાજયની નગરપાલિકાઓને ચૂકવણીકરવાનું ઠરાવવામાં આવેલ છે. ઉકત ઠરાવમાં જણાવ્યા મુજબ આ નવા ધોરણોનો અમલ તા.૦૧-૦૪-૨૦૧૨થી કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાંટની રકમ ફકત મહેકમ ખર્ચ માટે જ વાપરી શકાય છે. આ યોજના હેઠળ નગરપાલિકાઓને આપવામાં આવેલ રકમ ૧૦૦ ટકા અનુદાન તરીકે ગણવામાં આવે છે.

### વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ રૂ/લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૩૦૦૦.૦૦ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૮.૯૬ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૨૦૭૦.૫૮ |
| ૪ | ૨૦૧૧-૧૨ | ૧૬૦૮.૯૭ |
| ૫ | ૨૦૧૨-૧૩ (જૂન-૧૨ અંતિત) | ૨.૭૭ |

## (૧૩) માર્ગ સુધારણા માટેનું અનુદાનઃ

આ યોજના સને ૧૯૯૭ થી અમલમાં આવેલ છે. અને આ યોજના નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ બનેને લાગું પડે છે આ યોજના હેઠળ સરકારશ્રી તરફથી નગરપાલિકા/

મહાનગરપાલિકા વિસ્તારોમાં જાહેર માર્ગોને અપગ્રેડ કરવાની જરૂરીયાતને ધ્યાનમાં લઇ નાણાંકીય સહાય, સહાયક અનુદાન તરીકે અપવામા આવે છે. આ યોજના હેઠળ એપ્રિલ ૧૯૮૭ થી અસ્તિત્વ ધરાવતાં માર્ગો ફકત સમારકામ અને નિભાવણી માટે ગ્રાંટ અપવામાં આવે છે નવા માર્ગો બનાવવા માટે કે તે તારીખ પછી બનેલા માર્ગો ની જાળવણી માટે ગ્રાંટ આપવામાં આવતી નથી

આ યોજના હેઠળ આપવામાં આવેલ ગ્રાંટને૧૦૦ ટકા અનુદાન ગણવામાં આવે છે આ યોજના હેઠળ સુધારણાની આવશ્યકતા વાળા રસ્તાની લંબાઇ અને રસ્તાના પ્રકારને ધ્યાનમાં લઇ સ્થાનિક સંસ્થાઓને ગ્રાંટની ફાળવણી કરવામાં આવે છે આ યોજના હેઠળ ફાળવેલ ગ્રાંટનો ઉપયોગ ફકત યોજનાના નિયત હેતુંઓ માટે જ કરવાનો રહે છે

વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ રૂ/- લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૬૦.૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૬૦.૦૦ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૬૦.૦૦ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૬૦.૦૦ |
| અને ૨૦૧૧-૧૨થી આ યોજના બંધ કરવામાં આવેલ છે | | |

## (૧૪) જમીન મહેસુલ બિનખેતીની ગ્રાંટઃ-

આ યોજના સને ૨૦૦૦થી શરૂ કરવામાં આવેલ છે. અને આ યોજના નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ એમ બન્નેને લાગું પડે છે. આ યોજના હેઠળ વિકાસના જુદા જુદા કામો માટે સ્થાનિક સક્ષ્સ્થાઓને ગ્રાંટ આપવામાં આવે છે. આ યોજના હેઠળ નગરપાલિકા/મહાનગરપાલિકાઓએ વસુલાત કરેલ જમીન મહેસુલનો ભાગ નગરપાલિકા/ મહાનગરપાલિકાઓને અનુદાન તરીકે આપવામાં આવે છે જેનો ઉપયોગ વિકાસના કામોની પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે છે આ યોજના હેઠળ આપેલ ગ્રાંટ ફકત યોજના હેઠળ નિયત કરવામાં આવેલ હેતુંઓ માટે જ ઉપયોગમાં લઇ શકાય છેઆ યોજનાની નાણાંકીય સહાયની રકમ સ્થાનિક સંસ્થાઓની વસ્તી અને વિસ્તારના આધારે ફાળવણી કરવામાં આવે છે.

આ યોજના અંગેની કામગીરી અગાઉ નગરપાલિકા નિયામકશ્રીની કચેરી ગુજરાત રાજય દ્વારા કરવામાં આવતી હતી પરંતુ સને – ૨૦૦૭-૦૮ થી આ યોજનાની કામગીરી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા કરવામાં આવે છે

## (૧૫) જમીન મહેસુલ બિનખેતી આકાર-ઇરીગેશન સેસ-લોકલ ફંડ સેસની ગ્રાંટ

આ યોજના સને ૧૯૬૩ થી અમલમાં આવેલ છે. અને રાજયની નગરપાલિકાઓ તેમજ મહાનગરપાલિકાઓ બન્નેંને લાગુ પડે છે. આ યોજના હેઠળ નગરપાલિકાઓ અને

મહાનગરપાલિકાઓને તેમના વિસ્તારમાંથી વસુલ કરવામાં આવેલ સિચાઇ ઉપકર અને સ્થનિક ભંડોળ ઉપકરમાથી ગ્રાંટ આપવામાં આવે છે આ યોજના હેઠળ આપેલ ગ્રાંટનો ઉપયોગ નગરપાલિકા/ મહાનગરપાલિકા યોજના હેઠળ આપેલ ગ્રાંટ ૧૦૦ ટકા અનુદાન તરીકે ગણવામાં આવે છે. આ યોજના હેઠળ આપવામાં આવેલ ગ્રાંટ આ યોજનાના ઠરાવ અનુસાર ફક્ત ચોકકસ જણાવેલ હેતું માટે વાપરી શકાય છે આ યોજનાની ગ્રાંટ સ્થાનિક સંસ્થાઓની વસ્તી અને વિસ્તારના આધારે ફાળવવામાં આવે છે

આ યોજના અંગેની કામગીરી અગાઉ નગરપાલિકા નિયામકશ્રીની કચેરી ગુજરાત રાજય દ્વારા કરવામાં આવતી હતી પરંતુ સને ૨૦૦૭-૨૦૦૮ થી આ યોજનાની કામગીરી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા કરવામાં આવે છે

ઉપરોકત ક્રમ- ૧૩ અને ૧૪ માં દર્શાવેલી બન્ને યોજનાઓ હેઠળ વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે.

**(રૂા.લાખમાં)**

| **ક્રમ** | **વર્ષ** | **જમીન મહેસૂલ** | **જમીન મહેસૂલ** |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૫૬.૫૧ | ૫૨.૬૭ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૫૫૦.૯૬ | ૧૭૪.૭૬ |
| ૩ | ૨૦૦૯-૧૦ | ૩૪૨.૫૩ | ૧૬૮.૧૩ |
| ૪ | ૨૦૧૦-૧૧ | ૧૩૯૮.૫૨ | ૬૨૩.૧૫ |
| ૫ | ૨૦૧૧-૧૨ | ૫૦૦.૦૦ | ૩૨૦.૦૦ |
| ૬ | ૨૦૧૨ – ૧૩<br>(જૂન ૨૦૧૨ અંતિત) | ૫૦૦.૦૦ | ૩૨૦.૦૦ |

## (૧૬) પ્રાથમિક શિક્ષણ માટે નગરપાલિકાઓને સહાયક અનુદાનની યોજના– શિક્ષણ ઉપકરની ગ્રાંટની યોજના:-

આ યોજના રાજય સરકારશ્રી તરફથી સને-૧૯૬૨ થી અમલમાં મુકવામાં આવેલ છેઅને આ યોજના નગરપાલિકા અને માહાનગારપાલિકા બન્નેંને લાગું પડે છે. આ યોજના હેઠળ રાજયમાં પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટે નગરપાલિકા / મહાનગરપાલિકાઓને નાણાંકીય સહાયની જોગવાઇ કરવામાં આવે છે ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ – ૧૯૬૨ અનુસાર શહેરી વિસ્તારોમાં જમીન તેમજ મિલ્કતો ઉપર ઉપકર ઉઘરાવીને વસુલ કરવામાં આવેલ કરનો ભાગ સ્થાનિક સંસ્થાઓને શાળાઓ અને પ્રાથમિક શિક્ષણના વિકાસ માટે આપવામાં આવે છે. આ યોજના હેઠળ સ્થાનિક સંસ્થાઓ પ્રાથમિક શિક્ષણને ઉત્તેજન આપવા માટેના મુડીજન્ય કામો કરી શકે છે. આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ નાણાંકીય સહાય ૧૦૦ ટકા અનુદાન તરીકે ગણવામાં આવે છે. આ યોજના હેઠળ ૮૫ થી ૧૦૦ ટકા સુધીની ગ્રાંટની ફાળવણી નગરપાલિકા / મહાનગરપાલિકાની કરવેરા વસુલાતની ટકાવરી ધ્યાનમાં લઇ કરવામાં આવે છે તેમજ જે

નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓ શિક્ષણની જવાબદારી સંભાળતી ન હોય તેમને વસુલ થયેલ કરના ૫ ટકા અનુદાન તરીકે આપવામાં આવે છે અને ૬૫ ટકા સંબધિત જીલ્લા પંચાયતને શૈક્ષણિક પ્રવૃત્તિને ઉત્તેજન આપવા વિકાસ કરવા માટે આપવામાં આવે છે.

આ યોજના અંગે કામગીરી અગાઉ નગરપાલિકા નિયામકશ્રીની કચેરી ગુજરાત રાજય દ્વારા કરવામાં આવતી હતી. પરંતુ સને ૨૦૦૭-૦૮થી આ યોજનાની કામગીરી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા કરવામાં આવે છે

## વર્ષવાર ચુકવેલ ગ્રાંટની વિગત નીચે મુજબ છે

| ક્રમ | વર્ષ | ચુકવેલ રકમ રૂ/- લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૦૮-૦૯ | ૧૧૦૦૦.૦૦ |
| ૨ | ૨૦૦૯-૧૦ | ૧૦૨૮૦.૭૮ |
| ૩ | ૨૦૧૦-૧૧ | ૧૩૨૮૪.૨૩ |
| ૪ | ૨૦૧૧-૧૨ | ૧૧૦૦૦.૦૦ |
| ૫ | ૨૦૧૨-૧૩ (જૂન-૧૨ અંતિત) | ૪૦૯૮.૩૩ |

## (૧૭). સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના

રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૭/૧૧/૦૯ના ઠરાવ ક્રમાંકઃ સજય/૧૦૨૦૦૯/૧૫૧૫/ધ અન્વયે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મુકવામા આવેલ છે જે હેઠળ પીવાલાયક પાણી પુરવઠો, ભુગર્ભ ગટર, મોડલ નગરપાલિકા યોજના, મહાનગરોમાં લોકોપયોગી કામો, IHSDP યોજના અને નગર સેવાસદન માટે સહાય અંગેની સંક્ષિપ્ત રૂપરેખા નીચે મુજબ છે. **(રૂ! કરોડમાં)**

| ક્રમ | ઘટક કાર્યક્રમ અને હેતુ | વર્ષ ૨૦૦૯-૧૦ અને ૧૧- ૧૨ દરમ્યાન મળેલ ગ્રાંટ | ૨૦૧૨-૧૩નું નાણાકીય આયોજન | વર્ષ-૨૦૦૯-૧૦ અને ૨૦૧૧-૧૨ દરમ્યાન મળેલ ગ્રાંટ તથા ૨૦૧૨-૧૩નું નાણાંકીય આયોજન (કોલમ ૩ + ૪ ) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | રાજયની દરેક નગરપાલિકામાં દરેક નાગરિકને પીવાલાયક શુધ્ધ પાણીનો પુરવઠો અને ૭૫ નગરપાલિકાઓમાં ભુગર્ભ ગટર યોજનાનું આયોજન | ૧૧૨૦.૦૧ | ૭૨૧.૪૭ | ૧૮૪૧.૪૮ |
| ૨ | મોડલ નગરપાલિકા યોજના હેઠળ<br>➢ અવર્ગન.પા.માટે રૂ!.૧૦.૦૦ કરોડ<br>➢ બ વર્ગ ન.પા. માટે રૂ!. ૭.૦૦ કરોડ<br>➢ ક વર્ગ ન.પા. માટે રૂ!. ૪.૦૦ કરોડ<br>➢ ડ વર્ગ ન.પા. માટે રૂ!. ૩.૦૦ કરોડ<br>➢ જીલ્લા મથકની ન.પા.ને વધારાના રૂ!.ર.૫૦ કરોડ<br>ની સહાય નગરપાલિકાઓએ લોકોની ભાગીદારી દ્વારા જનઉપયોગી કામો માટે ૩ વર્ષના સમયગાળામાં પ્રગતિ પ્રમાણે ચુકવાશે | ૫૪૦.૦૦ | ૨૦૪.૫૦ | ૭૪૪.૫૦ |
| ૩ | રાજયના ૭ મહાનગરોમાં લોકોપયોગી આંતરમાળખાકીય વિકાસના કામો માટે અને ભારત સરકારે મિશન શહેરોમાં સમાવેશ કરેલ નથી તેવા શહેરો જેવા કે જુનાગઢ, ભાવનગર અને જામનગર શહેરો માટે ખાસ રૂ!.૫૦ કરોડ ભુગર્ભ ગટરના કામો માટે | ૧૯૨૪.૦૨ | ૫૩૫.૦૦ | ૨૪૫૯.૦૨ |
| ૪ | શહેરી ગરીબોના આવાસો માટે કેન્દ્ર સરકારે IHSDP યોજના હેઠળના આવાસો ખરા અર્થમાં ઉપલબ્ધ કરવા વધારાની સહાય. | ૨૧૬.૮૨ | --- | ૨૧૬.૮૨ |
| ૫ | જે નગરપાલિકાઓને પોતાની કામગીરીના ઉપયોગ માટે નગરપાલિકાનું મકાન ઉપલબ્ધ નથી અને / અથવા જે નગરપાલિકાઓને તેમના મકાનમાં સુધારા-વધારા કરવા માટે સહાય. | ૧૦૦.૦૦ | --- | ૧૦૦.૦૦ |
| | કુલ | ૩૯૦૦.૮૫ | ૪૪૬૦.૯૭ | ૫૩૬૧.૮૨ |

## આ યોજનાનો લાભ લેવા માટેની પાત્રતા

- પીવાના પાણી અને ભુગર્ભ ગટર, મોડલ નગરપાલિકા યોજના અને નગરપાલિકાના મકાન અંગેના ઘટક – તમામ નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળ
- મહાનગરપાલિકામાં લોકોપયોગી આંતરમાળખાકીય વિકાસના કામો અંગેનું ઘટક – તમામ મહાનગરપાલિકા
- સામાન્ય ઠરાવ – તમામ મહાનગરપાલિકાને યોજનામાં જોડાવા માટે કરી, દરેક ઘટક કાર્યક્રમ માટે નક્કી કરેલ નોડલ એજન્સી સાથે, વહીવટ સુધારણા માટે અનુસુચિ-૧ મુજબનો સમજુતી કરાર (MOU) કરવાનો રહેશે.
- અમલવારીની જવાબદારી – મહાનગરપાલિકા કમિશ્નર
  નગરપાલિકા ચીફ ઓફીસર
- Jn NURM યોજનાનો લાભ મળેલ હોય તેવી મહા.ન.પા./ન.પા.ઓએ Jn NURM માં નક્કી કરેલ રીફોર્મ્સના કામો ઉપરાંત આ રીફોર્મ્સની અમલવારી કરવાની રહેશે.
- PPP મોડલનો ઉપયોગ - ન.પા. ઓએ તા.૧૭-૧૧-૦૯ના ઠરાવમાં જણાવેલ વિકાસના કાર્યો અને અન્ય વિકાસના કાર્યો PPP ના ધોરણે હાથ ધરવાના રહેશે.
- શહેરી ગરીબોના આવાસો બાંધવા માટેના ઘટક માટે, IHSDP હેઠળના આવાસો બાંધવા માટે રકમ વાપરવાની હોઇ સમજુતી કરાર કરવાનો રહેશે નહી
- એનેક્ષર – ૨ દરેક મહા.ન.પા./ ન.પા.એ સ્વર્ણિમ સિધ્ધિઓની પૂર્તિઓ માટેનું આયોજન કરી કોર્પોરેટ પ્લાન બનાવવાનો રહેશે.
- ગરીબ સમૃધ્ધિ યોજના અને શહેરને સ્લમ મુકત બનાવવા અને નિર્મળ ગુજરાતની સિધ્ધિઓ માટેનો પંચ વર્ષનો કોર્પોરેટ પ્લાન પણ નક્કી કરવાનો રહેશે. (સ્વૈચ્છિક સંસ્થાઓ, મહિલા જુથ એસોસીએશન, શહેરના અગ્રણી નાગરિકોનો સહયોગ મેળવવાનો રહેશે)
- મહા.ન.પા./ન.પા.એ પોતાની આવકના ૨૦ ટકા રકમ શહેરી ગરીબો માટે વાપરવાની રહેશે.
- કોર્પોરેટ પ્લાનમાં નક્કી કરેલ પ્રાથમિકતા મુજબ જ આ યોજના હેઠળ રકમની ફાળવણી કરવામાં આવશે

## સામાન્ય જોગવાઇઓ

- તાલીમ અને ક્ષમતા નિર્માણ
  - અધિકારી/કર્મચારીઓને નિયમિત તાલીમ
  - કોર્પોરેટ કક્ષાનો વહીવટ કરવા માપદંડો નક્કી કરવામાં આવે અને તે મુજબ તાલીમ આપી જનતાની અપેક્ષા મુજબ ખરા ઉતરે તે મુજબનું આયોજન

- વહીવટ, પારદર્શક અને સરળ તેમજ લોકો તેમની જરૂરીયાત માટે યોગ્ય દાદ મેળવી શકે, તે મુજબનું માળખું તૈયાર કરવા આયોજન

**સંકલનની વ્યવસ્થા**

- દરેક ઘટક કાર્યક્રમ માટે નોડો એજન્સી નક્કી કર્યા મુજબની રહેશે
- જીલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા) તમામ ઘટકો માટે અમલીકરણ એજન્સી તરીકે કામ કરશે.
- રાજય કક્ષાએ સંકલનની કામગીરી નિયામકશ્રી, નગરપાલિકાઓ (DOM) ધ્વારા કરવામાં આવશે

➢ **<u>મોનીટરીંગની વ્યવસ્થા</u>**

- તમામ ઘટકો માટે નકકી કરવામાં આવેલ નોડલ એજન્સીઓ MIS તૈયાર કરશે.
- MIS ના આધારે G..M.F.B. ખાતે એક માહિતી, નાણાંકીય અને પ્રાયોજના વ્યવસ્થાપન સેલ (DATA PROJECT AND FINANCIAL MANAGEMENT CELL ) ઉભુ કરી બાયસેગ મારફતે ઓનલાઇન રીપોર્ટીગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- આ સેલમાં મેન્ડેટરી ડીસ્કોલઝરની જોગવાઇ કરવાની રહેશે.
- પ્રગતિ અહેવાલ સંબધિત કલેકટર મારફતે ઉકત સેલને મોકલવાનો રહેશે
- પ્રગતિનું મહા નપા./ ન.પા.વાર વિશ્લેષણ કરીને, સંબધિત એજન્સીને અને મહા ન.પા./ન.પા.ને ફીડબેક આપવાનો રહેશે
- શહેરી વિકાસ વિભાગને સમયાંતરે અહેવાલ આપવાનો રહેશે

➢ **<u>થર્ડ પાર્ટી ઇન્સપેકશન</u>**

- થર્ડ પાર્ટી મોનીટરીંગની વ્યવસ્થા જીલ્લા તાંત્રિક સમિતિ દ્વારા કરવામાં આવશે.
- આ માટે, સંબધિત મહા નપા./ ન.પા. પાસેથી સમયાંતરે વિગતો મેળવી, તમામ ઘટકો આવરી લઇ, કામોની ગુણવત્તાની ખાતરી, હાથ ધરેલ કામોની ઉપયોગીતા, તેની જનજીવન ઉપર સર્વગ્રાહી અસર અંગે સમયાંતરે વિશ્લેષણાત્મક અહેવાલ તૈયાર કરવાનો રહેશે
- આ યોજનાને કારણે જે તે શહેરની આગવી ઓળખ ઉપસી આવી છે કે કેમ તે પણ ચકાસવામાં આવશે

➢ **<u>ગ્રાંટની તબકકાવાર ફાળવણી તા. ૨૩-૦૮-૨૦૧૧ના સરકારશ્રીના ઠરાવ મુજબ</u>**

- તબકકાવાર ગ્રાંટ છુટી કરવામાં આવશે
  - વહીવટી મંજુરી સાથે- ૪૦ ટકાનો પ્રથમ હપ્તો

- પ્રથમ હપ્તાની ચૂકવેલ સહાય અન્વયે ૭૦ ટકા ખર્ચ કરી વપરાશી પ્રમાણપત્ર રજુ કર્યેથી ૪૦ ટકાનો બીજો હપ્તો
- પ્રથમ હપ્તાની ચૂકવેલ સહાયના ૧૦૦ ટકા તથા બીજા હપ્તાની ચૂકવેલ સહાય પૈકી ૭૦ ટકા ખર્ચ કરી વપરાશી પ્રમાણપત્ર રજુ કર્યેથી ૨૦ ટકાનો ત્રીજો અને આખરી હપ્તો.
- G.U.D.M. દ્વારા સમગ્ર બાબતો આવરી લઇ સમયાંતરે આપવામાં આવતાં થર્ડ પાર્ટી મોનીટરીંગ રીપોર્ટના આધારે ઉપર નકકી કરેલ તબકકા મુજબ ગ્રાંટ ફાળવવામાં આવશે

**વહીવટી મંજુરી મેળવવા માટે રજુ કરવાની વિગતો**

- દરખાસ્ત સાથે MOU
- સ્વર્ણિમ સિધ્ધિનો એકશન પ્લાન
- નિર્મળ ગુજરાતના કામોનો એકશન પ્લાન
- હયાત પરિસ્થિતિ અંગેની માહિતી (Base line Date)

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના**

**આ યોજના અંતર્ગત હાથ ધરાનાર કામોની વિગતો નીચે મુજબ છે**

- ગૌરવપથના, રસ્તાના, બ્રીજના,
- હરીયાળા શહેરના નિર્માણના ,
- ટ્રાફીક સર્કલના, જળ સંચયના,
- માર્કેટના, હેરીટેજના,
- પાણી પુરવઠાના , ગટરના,
- ગરીબ સમૃધ્ધિ યોજનાના, નિર્મળ ગુજરાત સિધ્ધિના

## પ્રગતિની વિગતો

## ૧. મહાનગરોમાં લોકોપયોગી આંતરમાળખાકીય વિકાસના કામો

- આ ઘટક કાર્યક્રમ હેઠળ કુલ રૂ.૧૯૫૮.૭૯ કરોડની મળવાપાત્ર ગ્રાંટની સામે કુલ રૂ!. ૧૭૯૨.૬૭૮ કરોડની ગ્રાંટ મહાનગરપાલિકાઓને ચુકવવામાં આવેલ છે.
- મહાનગરપાલિકા દ્વારા કુલ રૂ!. ૨૧૭૨.૭૫ કરોડના કુલ – ૧૫૭૫ કામોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે
- આ કામો પૈકી ૧૪૧૫ કામો શરૂ થઇ ગયેલ છે.

- આ પ્રગતિ હેઠળના કામો માટે રૂા. ૧૨૨૮.૨૯ કરોડનો ખર્ચ મહાનગરપાલિકાઓ ધ્વારા કરવામાં આવેલ છે.
- ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાઓના મજબૂતીકરણ / વિસ્તૃતીકરણ માટે સાત મહાનગરપાલિકાને કુલ રૂા. ૧૦૦ કરોડની ગ્રાંટની ચૂકવણી કરેલ છે તે પરત્વે મહાનગરપાલિકાઓ દ્વારા રૂા.૫૫.૨૮ કરોડનો ખર્ચ મે – ૨૦૧૨ સુધીમાં કરવામાંઆવેલ છે.
- આ યોજના હેઠળની પ્રગતિની વિગતો નીચે મુજબ છે.

| મહાનગરપાલિકા વિસ્તારમાં માળખાકીય સુવિધાના કામો | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મે-૨૦૧૨ | | | | | (રૂા. કરોડમાં) | | |
| ક્રમ | હેતુ | વહીવટી મંજુરી | | કામની પ્રગતિ | | | | | |
| | | કામની સંખ્યા | મંજુરીની રકમ રૂા. | પૂર્ણથયેલ કામની સંખ્યા | પૂર્ણથયેલ કામો માટે થયેલ ખર્ચ રૂા. | પ્રગતિ હેઠળના કામની સંખ્યા | પ્રગતિ હેઠળના કામો માટે થયેલ ખર્ચ રૂા. | કુલ કામોની સંખ્યા | કુલ ખર્ચ રૂા. |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| ૧ | ગૌરવપથ | 5 | 119.51 | 0 | 0.00 | 5 | 55.59 | 5 | 55.59 |
| ૨ | બ્રીજ | 31 | 519.25 | 9 | 212.37 | 16 | 157.89 | 25 | 370.26 |
| ૩ | મુખ્ય રસ્તા | 652 | 396.76 | 168 | 158.59 | 173 | 77.40 | 341 | 235.99 |
| ૪ | પાણી પુરવઠાના કામો | 263 | 284.77 | 130 | 86.15 | 71 | 59.01 | 201 | 145.16 |
| ૫ | ગટર વ્યવસ્થાના કામો | 272 | 189.02 | 61 | 34.94 | 50 | 39.43 | 111 | 74.37 |
| ૬ | સ્લમ વિસ્તારના કામો | 528 | 106.92 | 238 | 23.74 | 286 | 11.10 | 524 | 34.84 |
| ૭ | અન્ય કામો | 263 | 556.52 | 90 | 225.80 | 118 | 86.28 | 208 | 312.08 |
| | કુલ | **2014** | **2172.75** | **696** | **741.59** | **719** | **486.70** | **1415** | **1228.29** |

## ૨. મોડલ ટાઉન ઘટક કાર્યક્રમ હેઠળ –(૧૫૯) નગરપાલિકાને સહાય

- આ ઘટક કાર્યક્રમ હેઠળ કુલ રૂા.૮૨૨.૫૦ કરોડની મળવાપાત્ર ગ્રાંટની સામે સંબંધિત જીલ્લા શહેરી વિકાસ એજન્સી (ડુડા)ને હવાલે કુલ રૂા. ૮૨૨.૫૦ કરોડની ગ્રાંટ નગરપાલિકાઓ માટે મૂકવામાં આવેલ છે
- નગરપાલિકાઓમાં સંબધિત જીલ્લાશહેરી વિકાસ એજન્સી મારફતે કુલ રૂા.૬૦૨.૩૨ કરોડની કુલ – ૪૩૩૦ કામોને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે
- આ કામો પૈકી ૨૧૭૯ કામો શરૂ થયેલ છે અને રૂા. ૧૬૭.૬૫ કરોડ જેટલો ખર્ચ નગરપાલિકાઓ દ્વારા કરવામાં આવેલ છે.

- ચોમાસા દરમ્યાન નુકશાન પામેલ રસ્તાઓના મજબૂતીકરણ / વિસ્તૃતીકરણ માટે નગરપાલિકાઓને કુલ રૂા. ૧૦૭.૨૫ કરોડની ગ્રાંટની ચૂકવણી કરેલ છે
- આંગણવાડીના કેન્દ્રોના બાંધકામ માટે ૧૪૧ નગરપાલિકાઓને માટે કુલ ૧૦૬૫ યુનિટ માટે કુલ રૂા. ૪૨.૬૦ કરોડનું અનુદાન ફાળવેલ છે તથા આદિજાતિ વિસ્તારની ૧૮ નગરપાલિકાઓને ૧૨૦ યુનિટ માટે રૂા.૪.૮૦ કરોડનું અનુદાન ફાળવેલ છે તે મુજબ કુલ મળી રૂા.૪૭.૪૦ કરોડનું અનુદાન ફાળવેલ છે
- આ યોજના હેઠળની પ્રગતિની વિગતો નીચે મુજબ છે.

**મોડલ નગરપાલિકા ઘટક કાર્યક્રમ**

| | | મે-૨૦૧૨ | | | | | (રૂા. કરોડમાં) | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વહીવટી મંજુરી | | કામની પ્રગતિ | | | | | |
| ક્રમ | હેતુ | કામની સંખ્યા | મંજુરીની રકમ રૂા. | પૂર્ણ થયેલ કામની સંખ્યા | પૂર્ણથયેલ કામો માટે થયેલ ખર્ચ રૂા. | પ્રગતિ હેઠળના કામની સંખ્યા | પ્રગતિ હેઠળના કામો માટે થયેલ ખર્ચ રૂા. | કુલ કામોની સંખ્યા | કુલ ખર્ચ રૂા. |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| ૧ | ગૌરવપથ | 125 | 55.99 | 43 | 10.23 | 43 | 6.69 | 86 | 16.92 |
| ૨ | બ્રીજ | 39 | 22.54 | 6 | 0.78 | 17 | 1.69 | 23 | 2.47 |
| 3 | મુખ્ય રસ્તા | 1876 | 204.34 | 843 | 59.22 | 492 | 16.54 | 1335 | 75.76 |
| ૪ | સ્લમ વિસ્તારના કામો - આંગણવાડી | 265 | 14.81 | 16 | 1.04 | 22 | 0.11 | 38 | 1.15 |
| | સ્લમ વિસ્તારના કામો - અન્ય કામો | 545 | 52.93 | 208 | 12.05 | 143 | 5.76 | 351 | 17.81 |
| ૫ | ગરીબ સમૃધ્ધિ યોજનાના કામો | 312 | 28.19 | 118 | 7.22 | 105 | 2.19 | 223 | 9.41 |
| ૬ | જળસંચયના કામો | 95 | 27.03 | 34 | 6.49 | 31 | 2.32 | 65 | 8.81 |
| ૭ | વરસાદી પાણીના નિકાલ | 140 | 34.96 | 36 | 4.61 | 57 | 5.09 | 93 | 9.7 |
| ૮ | અન્ય કામો | ૯33 | 161.53 | 130 | 8.36 | 375 | 17.26 | 505 | 25.62 |
| | કુલ | **૪330** | **602.32** | **1434** | **110** | **1285** | **57.65** | **2719** | **167.65** |

## 3. <u>નગરપાલિકાના મકાન બાંધકામ તથા સુધારા વધારા માટે સહાય (નગર સેવા સદન માટે સહાય)</u>

- આ ઘટક કાર્યક્રમ અંતર્ગત નીચે મુજબની ૪૫ નગરપાલિકાઓમાં નવા કચેરીના મકાન માટે કુલ રૂા. ૨૦.૩૯ કરોડની રકમ સંબધિત માર્ગ અને મકાન વિભાગને, કચેરીના મકાન બાંધકામની કામગીરી કરવા માટે ચુકવવામાં આવેલ છે.

| ક્રમ | જીલ્લો | નગરપાલિકાનું નામ | | ક્રમ | જીલ્લો | નગરપાલિકાનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | બારેજા | | ૨૪ | નવસારી | ગણદેવી |
| ૨ | | બરવાળા | | ૨૫ | વડોદરા | સાવલી |
| ૩ | આંણદ | સોજીત્રા | | ૨૬ | વલસાડ | ઉમરગામ |
| ૪ | | આંકલાવ | | ૨૭ | | ધરમપુર |
| ૫ | ખેડા | ઠાસરા | | ૨૮ | સુરત | કનકપુર-કનસાડ |
| ૬ | | ડાકોર | | ૨૯ | ગાંધીનગર | પેથાપુર |
| ૭ | | ખેડા | | ૩૦ | પાટણ | ચાણસ્મા |
| ૮ | | કણજરી | | ૩૧ | | હારીજ |
| ૯ | દાહોદ | દેવગઢ-બારીયા | | ૩૨ | મહેસાણા | ખેરાલુ |
| ૧૦ | સાબરકાંઠા | પ્રાંતિજ | | ૩૩ | | વિજાપુર |
| ૧૧ | | બાયડ | | ૩૪ | જામનગર | કાલાવડ |
| ૧૨ | સુરેન્દ્નગર | ચોટીલા | | ૩૫ | | ભાણવડ |
| ૧૩ | | પાટડી | | ૩૬ | | ધ્રોલ |
| ૧૪ | જુનાગઢ | સુત્રાપાડા | | ૩૭ | | જામ-જોધપુર |
| ૧૫ | | બાંટવા | | ૩૮ | | સિકકા |
| ૧૬ | | ચોરવાડ | | ૩૯ | | જામ-રાવલ |
| ૧૭ | | તલાલા | | ૪૦ | પોરબંદર | કુતિયાણા |
| ૧૮ | | કોડીનાર | | ૪૧ | અમરેલી | ચલાલા |
| ૧૯ | ભાવનગર | વલ્લભીપુર | | ૪૨ | | લાઠી |
| ૨૦ | | ગારીયાધાર | | ૪૩ | | બાબરા |
| ૨૧ | તાપી | સોનગઢ | | ૪૪ | બનાસકાંઠા | થરા |
| ૨૨ | રાજકોટ | ભાયાવદર | | ૪૫ | | ભાભર |
| ૨૩ | | માળીયા-મીયાણા | | | | |

- આ ઉપરાંત ૩૬ નગરપાલિકાઓમાં કચેરીના મકાનમાં સુધારા વધારા કરવા માટે કુલ રૂ!. ૯.૧૯ કરોડની ગ્રાંટ સંબધિત નગરપાલિકાઓને ચુકવવામાં આવેલ છે.

## ૧૮. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (વર્ષ – ૨૦૧૨)

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારીથી રસ્તા વિ. કામો માટે સહાય રૂ!.૫૦૦ કરોડ**

**(તા.૧૯-૦૪-૨૦૧૨નો ઠરાવ)**

- શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા૧૯-૦૪-૨૦૧૨ના ઠરાવથી અમલમાં મૂકવામાંઆવેલ છે.
- ખાનગી સોસાયટીઓમાં રસ્તા, સ્ટ્રીટલાઇટ તથા પાણીની પાઇપ લાઇનના કામો માટે રાજય સરકારશ્રીની ૭૦ % સહાય, જનભાગીદારીના ૨૦ % મહા ન.પા. / ન.પા. ના ધોરણે કામો હાથ ધરવાની યોજના
- મહાનગરપાલિકાઓ માટે નીચે મુજબ કુલ રૂ.૩૧૩.૨૫ કરોડની જોગવાઇ છે. જે પૈકી ૫૦ % ગ્રાંટ રૂ!.૧૫૬.૬૨૫ કરોડ GMFBના તા.૩૦-૦૪-૨૦૧૨ના હુકમથી ચૂકવવામાં આવેલ છે.

| **ક્રમ** | **મહાનગરપાલિકા** | **મળવાપાત્ર સહાયની રકમ રૂ!. કરોડમાં** | **૫૦ % મુજબ ચુકવેલ રકમ રૂ. કરોડમાં** |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૧૦૦.૦૦ | ૫૦.૦૦ |
| ૨ | સુરત | ૭૫.૦૦ | ૩૭.૫૦ |
| ૩ | વડોદરા | ૫૦.૦૦ | ૨૫.૦૦ |
| ૪ | રાજકોટ | ૪૦.૦૦ | ૨૦.૦૦ |
| ૫ | જામનગર | ૧૫.૦૦ | ૭.૫૦ |
| ૬ | ભાવનગર | ૧૫.૦૦ | ૭.૫૦ |
| ૭ | જુનાગઢ | ૧૦.૦૦ | ૫.૦૦ |
| ૮ | ગાંધીનગર | ૮.૨૫ | ૪.૧૨૫ |
| | **કુલ** | **૩૧૩.૨૫** | **૧૫૬.૬૨૫** |

- રાજ્ય સરકારશ્રીની સહાયનું ધોરણ નગરપાલીકા માટે વર્ગવાર નીચે – કુલ જોગવાઇ રૂા.૧૮૬.૭૫ કરોડ

| વર્ગ | નગરપાલિકા દીઠ મળવાપાત્ર રકમ રૂા. કરોડમાં | કુલ મળવાપાત્ર રકમ રૂા. કરોડમાં |
|---|---|---|
| અ – વર્ગ | ૨.૫૦ કરોડ | ૪૫.૦૦ |
| બ – વર્ગ | ૧.૫૦ કરોડ | ૪૭.૦૦ |
| ક – વર્ગ | ૧.૦૦ કરોડ | ૪૫.૦૦ |
| ડ – વર્ગ | ૭૫ લાખ | ૪૭.૨૫ |
| | **કુલ** | **૧૮૬.૭૫** |

- અ – વર્ગની નગરપાલિકાઓ માટે બોર્ડના તા૩૦/૪/૨૦૧૨ના આદેશથી ન.પા. દીઠ રૂપિયા એક કરોડ પ્રમાણે ગ્રાન્ટ કુલ રૂા.૧૮ કરોડ ડુડાના હવાલે મુકવામાં આવેલ છે
- બ – વર્ગની નગરપાલિકાઓ તાત્કાલિક કામ હાથ ધરી શકે તેવી વ્યવસ્થા ગોઠવી અત્રે તથા ડુડાને વિગતો મોકલી સબંધિત ડુડા પાસે મોડલ નપા. ઘટક હેઠળની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી રૂા.૫૦ લાખ ચુકવવા બોર્ડના તા૩૦/૪/૨૦૧૨ના આદેશથી જણાવવામાં આવેલ

## કાર્યપધ્ધતિ :-

- ✓ ખાનગી સોસાયટીના સભ્યોની સહીઓ સાથેની અરજી અથવા સોસાયટીનો ઠરાવ નગરપાલિકાને આપવાનો રહેશે.
- ✓ સોસાયટીએ ભરવાના થતા ફાળની ૨૦ ટકા રકમ જમા કરાવવાની રહેશે.
- ✓ ન.પા.એ ઇન હાઉસ ટેકનીકલ મંજુરીની વ્યવસ્થાનો ઉપયોગ કરી, SOR મુજબના અંદાજો બનાવવાના રહેશે. GUDMના પ્રાદેશિક / PIU ઇજનેર મારફતે અથવા R & B વિભાગ દ્વારા તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે
- ✓ જે તે મહાનગરપાલિકા / નગરપાલિકાઓએ રાજ્ય સહાયની મર્યાદામાં વહીવટી મંજુરી આપવાની રહેશે અને વધારાના અંદાજ મુજબની રકમ ખાનગી સોસાયટીના રહેવાસીઓએ ભોગવવાની રહેશે.
- ✓ નગરપાલિકાના કિસ્સામાં પ્રથમ ૫૦ % રકમ વહીવટી મંજુરી સામે DUUA ન.પા.ને ચુકવશે, બાકીની ૫૦ % રકમ પ્રગતિ અને ગુણવત્તાના અહેવાલના આધારે ચુકવાશે

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના – ૨૦૧૨

આ યોજનાનો આશય, મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓ સક્ષમ બને તેમનો વહીવટી પારદર્શક અને નાગરિક કેન્દ્રીત બને અને આ સંસ્થાઓ જાહેર સુખાકારીના ક્ષેત્રે અસરકારક ભુમિકા માટે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને તેમની જરૂરિયાત મુજબ માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે સહાય આપવાની સાથે સંસ્થાઓ અને નાગરિકોને સક્ષમ અને સહભાગીદારી બનાવવાનો છે તેમજ ગરીબ સમૃધ્ધિ યોજના હેઠળ શહેરો સ્લમ મુકત બને તેવું રાજય સરકારનું ધ્યેય છે. આ "સ્વર્ણિમ સિધ્ધિઓની" યાત્રાને આગળ ધપાવવા આગામી પાંચ વર્ષ માટે રૂ.૧૫૦૦૦ કરોડનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે.

| ક્રમ | ઘટક કાર્યક્રમ અને હેતુ | જોગવાઈ (રૂ.કરોડમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૭ | ૨૦૧૨-૧૩ |
| ૧ | અર્બન મોબીલીટી | | |
| | સીટી બસ સીસ્ટમ અને ટ્રાફિક મેનેજમેન્ટ | ૫૦૦ | ૨૫ |
| | ફલાય ઓવર બ્રીજ, રેલ્વે ઓવર બ્રીજ, રેલ્વે અન્ડર બ્રીજ એન્ડ પાસ | ૫૦૦ | ૭૫ |
| | રીંગ રોડ અને રેડીયલ રોડ | ૧૦૦૦ | ૭૫ |
| | | ૨૦૦૦ | ૧૭૫ |
| ૨ | મૂળભુત નાગરિક સુવિધાઓ | | |
| | ભૂગર્ભ ગટર યોજના | ૩૦૦૦ | ૭૦ |
| | પાણી પુરવઠો | ૧૦૦૦ | ૭૦ |
| | | ૪૦૦૦ | ૧૪૦ |
| ૩ | નાગરિકોને પોષાય તેવા મકાનો | | |
| | મકાનો અને હયાત સ્લમ જયાં હોય ત્યાં વિકાસ | ૧૦૦૦ | ૧૦૦ |
| | નાગરિકો સુવિધા | ૧૦૦૦ | ૧૫૦ |
| | | ૨૦૦૦ | ૨૫૦ |
| ૪ | સામાજિક આંતરમાળખાકીય સુવિધાઓ | | |
| | શાળાના મકાનો | ૭૫૦ | ૫૦ |
| | અર્બન હેલ્થ સેન્ટર અને નંદ ઘર | ૭૫૦ | ૧૦૦ |
| | કોમ્યુનિટી હોલ / લાઈબ્રેરી / રમત – ગમત સુવિધાઓ | ૧૦૦૦ | ૧૦૦ |
| | ઘન કચરાનો વ્યવસ્થાપન / પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન | ૫૦૦ | ૫૦ |
| | માર્કેટ અને પાર્કીંગ સુવિધા | ૫૦૦ | ૫૦ |
| | શેરીઓના વિકાસની યોજના | ૨૦૦૦ | ૫૦૦ |
| | જાહેર શૌચાલય | ૫૦૦ | ૫૦ |
| | | ૬૦૦૦ | ૯૦૦ |
| ૫ | ઈ-ગવર્નન્સ | ૫૦૦ | ૨૦ |
| ૬ | સ્કીલ ડેવલપમેન્ટ | ૫૦૦ | ૧૫ |
| | કુલ | ૧૫૦૦૦ | ૧૫૦૦ |

આ યોજનામાં ક્રમ - ૧ થી ૬માં દર્શાવેલ જુદા જુદા ઘટકો પૈકી ક્રમ - ૧ ના પેટા ઘટક માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : સજય/૧૦૨૦૧૨/૨૨૭/ધ થી રૂ.૫૦૦ કરોડના ખર્ચે શેરીઓના વિકાસની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. જયારે બાકીના અન્ય ઘટકો અને પેટા ઘટકો માટે નક્કી થયેલ જોગવાઈ રૂ.૧૦૦૦ કરોડમાંથી લેવાપાત્ર કામો કરાવવા માટે અલગ જોગવાઈ કરવામાં આવેલ છે.

## કેન્દ્ર સરકારની યોજનાઓઃ-

## (૧૯) બારમાં નાણાંપંચની ગ્રાંટ(કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરસ્કૃત)

કેન્દ્ર સરકારશ્રીએ ૭૪ માં બાંધારણીય સુધારા અન્વયે રચવામાં આવેલ બારમા; નાણાંપચની ભલામણ મુજબ વસ્તીના ધોરણે, શહેરી વિસ્તારો માટે વર્ષ-૨૦૦૫-૨૦૧૦ માટે કુલ રૂ/ ૪૧૪/- કરોડની રકમ શહેરી સ્થાનિક સંસ્થાઓને ફાળવવાનું ઠરાવેલ છે આ પાંચ વર્ષના સમયગાળા માટે રૂ/ ૪૧૪ કરોડની રકમ રાજયની સ્થાનિક સંસ્થાઓને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, સેનીટેશનની કામગીરી માટે, પીવાલાયક પણીની સુવિધા, ખાસ કરીને આંતરીક વ્યવસ્થા માટે, ડેટાબેઈઝ મેનેજમેન્ટ માટે અને ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ માટે ખર્ચ કરવામાં આવેલ છે.

- **આ યોજના હેઠળ થયેલ ચુકવણીની વિગત**

**(રૂ/- લાખમાં)**

| ક્રમ | ગ્રાંટ વર્ષ | થયેલ ચુકવણી |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૨૦૦૫-૦૬ | ૮૨૮૦.૦૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૮૧૮૦.૦૦ |
| ૩ | ૨૦૦૭-૦૮ | ૭૮૮૦.૦૦ |
| ૪ | ૨૦૦૮-૦૯ | ૭૯૩૩.૪૨ |
| ૫ | ૨૦૦૯-૧૦ | ૮૦૮૦.૦૦ |

## ૧૩માં નાણાંપંચની ગ્રાંટ(કેન્દ્ર સરકારશ્રી દ્વારા પુરસ્કૃત)

કેન્દ્રીય નાણાંપંચનો અહેવાલ ભારત સરકારે સ્વીકારેલ છે. તદ્‌ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક: ટીએફસી/૧૧૨૦૧૦/૨૧૦૮/બ, તા.૨૧-૧૨-૨૦૧૦ના ઠરાવ અન્વયે ૧૩માં નાણાંપંચની ભલામણ મુજબ કેન્દ્રસરકાર તરફથી નાણાંકીય વર્ષ ૨૦૧૦ – ૧૧ થી જનરલ બેઝીક મુજબ નગરપાલિકા / મહાનગરપાલિકાઓને (૧) વોટર સપ્લાય, (૨) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, (૩) ડ્રેનેજ (૪) સેનીટેશન, (૫) ઇ-ગવર્નન્સ, (૬) ટ્રાન્સ્પોર્ટેશન, (૭) સેલેરી એન્ડ વેજીસ, (૮) ફાયર સર્વીસ (૯) અન્ય કામગીરી વિગેરે કાર્યો માટે વસ્તીના ધોરણે વર્ષ ૨૦૧૦-૧૧ માટે રૂા.૧૨૦.૯૬ કરોડની સને વર્ષ – ૨૦૧૧-૧૨માં રૂા.૧૫૪.૬૨ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. સને ૨૦૧૨-૧૩માં આ યોજના માટે રૂા. ૨૭૯.૪૪ કરોડની જોગવાઇમાંથી રૂા.૯.૩૪ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે અન્વયે મહાનગરપાલિકા / નગરપાલિકા દ્વારા મે-૧૨ અંતિત નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે

(રકમ રૂ! લાખમાં)

| ક્રમ | કામનું નામ | વર્ષ – ૨૦૧૦-૧૧ | વર્ષ ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|
| ૧ | વોટર સપ્લાય | ૧૨૧૪.૫૨ | ૧૨૬૯.૬૦ |
| ૨ | સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૨૦૯.૬૯ | ૧૬૫.૪૨ |
| ૩ | ડ્રેનેજ | ૬૮૫.૨૭ | ૪૬૫.૨૯ |
| ૪ | સેનીટેશન | ૧૪૩.૮૫ | ૨૧૩.૫૬ |
| ૫ | ઇ-ગવર્નન્સ | ૨૦૮.૨૯ | ૭૭.૮૩ |
| ૬ | ટ્રાન્સપોર્ટેશન | ૨૪૬૦.૪૭ | ૧૭૫૬.૩૭ |
| ૭ | સેલેરી એન્ડ વેજીસ | ૫૫૦.૧૦ | ૩૪૮.૭૫ |
| ૮ | ફાયર સર્વિસ | ૧૫૬.૨૨ | ૫૯.૪૭ |
| ૯ | અન્ય | ૯૦૩.૫૮ | ૧૦૭૦.૯૩ |
| | કુલ | **૬૫૩૧.૯૯** | **૫૪૨૭.૨૨** |

## (૨૦). શહેરી સુધારણા પ્રોત્સાહક ફંડ યોજના (યુરીફ)

કેન્દ્ર સરકાર તરફથી અર્બન રીફોર્મ ઇન્સેન્ટીવ ફંડની યોજના વર્ષ-૨૦૦૨-૦૩માં અમલમાં મુકવામાં આવેલ આ યોજનાની જોગવાઇ અનુસાર રાજય સરકારને આ યોજના હેઠળ કેન્દ્ર સરકારનું અનુદાન સહાય મળવાપાત્ર છે. આ યોજના હેઠળ નીચેના છ મુદ્દાઓ જેવા કે,

- શહેરી ટોચમર્યાદા ધારો- ૧૯૭૬,
- સ્ટેમ્પ ડયુટીનું ધોરણ૧૦મી યોજનાના અંત સુધીમાં ૫% સુધી લઇ જવું,
- મુંબઇ ભાડા અધિનિયમમાં સુધારા
- કોમ્પ્યુટરાઇઝેશનથી નોંધણી કરવી.
- મિલકત વેરામાં સુધારણા
- સેવાઓ (યુઝર ચાર્જીસ)પરત્વેના દરો વસુલ કરવા
- સ્થાનિક સંસ્થાઓએ દ્વિનોંધી હિસાબી પધ્ધતિ દાખલ કરવી,

પરત્વે પ્રથમ તબકકામાં કામગીરી કરવા રાજય સરકારે ભારત સરકાર સાથે કરાર કરેલ છે. રાજયની નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓને આ યોજના હેઠળ ફાળવેલ અનુદાનની રકમ નીચે દર્શાવેલ હેતુંઓ માટે વાપરવાની રહશે

(૧) ઇ- ગવર્નન્સ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, આંતરમાળખાકીય સુવિધાઓ (સ્લમ વિસ્તારો સહિતની અપગ્રેડેશન ઓફ સ્લમ સહિતની સુધારણા કરી તેને ઉંચી લઇ જવી) તથા પીવાના પાણીનો તથા વીજળીનો કરકસરયુકત ઉપયોગ કરવા (કન્ઝર્વેશન ઓફ વોટર એન્ડ એનર્જી)ના કામોને નગરપાલિકા તથા

મહાનગરપાલિકાઓએ. અગ્રતા આપીને તે અંગેની યોજનાઓની ગ્રાંટનો જે તે હેતું માટે ઉપયોગ કરવાનો રહશે

(૨) નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓએ ફરજીયાત રીતે શહેરી સુધારણા (અર્બન રીફોર્મ) ના કામો જેવા કે ઈ- ગવર્નન્સ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ (સ્લમવિસ્તારો સહિતની આંતર માળખાકીય સુવિધાઓની સુધારણા કરી તેની કક્ષા ઉંચી લઇ જવી) તથા પીવાના પાણી તથા વિજળીનો કરકસરયુકત ઉપયોગ કરવા દ્વિનોંધી નામાપધ્ધતિનો અમલ કરવા મિલકત વેરાની વસુલાત એરીયા બેઝ ધોરણે કરવા સેવાઓના દર (યુઝર્સ ચાર્જીસ)ની સુધારણાના કામો ફરજીયાતપણે કરવાના રહશે. આ યોજના હેઠળ વર્ષવાર થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે

**વર્ષવાર ખર્ચની વિગતો દર્શાવતુ પત્રક**

| ક્રમ | વર્ષ | ખર્ચની વિગત (રૂ/- લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | ૧૨૨૬.૬૯ |
| ૨ | ૨૦૦૭-૦૮ | ૧૬૮૧.૦૧ |
| ૩ | ૨૦૦૮-૦૯ | ૧૯૬૭.૬૭ |
| ૪ | ૨૦૦૦૯-૧૦ | ૨૫.૦૦ |
| ૫ | ૨૦૧૦-૧૧ | ૪.૮૫ |
| ૬ | ૨૦૧૧-૧૨ | ૫૪.૧૧ |
| ૭ | ૨૦૧૨-૧૩ (જૂન – ૨૦૧૨ અંતિત) | ૭૮.૮૮ |

## (૨૧). સુર્વણ જયંતિ શહેરી રોજગાર યોજના

સુર્વણ જયંતિ શહેરી રોજગાર યોજનામાં રાજયની સબસીડીઃ

કેન્દ્ર પુરસ્કૃત સુર્વણ જયંતિ શહ્રેરી રોજગાર યોજનાના બે પ્રભાગ પૈકી શહેરી સ્વરોજગાર કાર્યક્રમ પેટાભાગ હેઠળ સબસીડી માટેનો દર અન્ય તે પ્રકારના કાર્યક્રમ જેવા કે પ્રાઇમિનિસ્ટર રોજગાર યોજના હેઠળ ચુકવવામાં આવતી સબસીડીના દરથી નીચો હતો તેથી રાજય સરકારે પ્રાઇમિનિસ્ટર રોજગાર યોજનાની સબસીડીના દર પ્રમાણે આ યોજના હેઠળ સબસીડીનો દર આપવાનું નકકી કર્યું છે તે મુજબ સબસીડીના તફાવત પેટેની ગ્રાંન્ટ નગરપાલિકાઓ / મહાનગરપાલિકાઓને ચુકવવામાં આવે છે ભારત સરકારશ્રીની સુધારેલ માર્ગદર્શિકા ૨૦૦૯ મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૧૮-૧૧-૨૦૧૧ના ઠરાવ ક્રમાંક : જેએનએમ-૧૦૨૦૧૧-સી.ફા.-૭ –ધ મુજબ હાલ આ યોજનાની રાજય કક્ષાની નોડલ એજન્સી તરીકેની કામગીરી ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ હસ્તક છે.

(૧) યોજનાની શરૂઆતથી (તા.૧-૧૨-૧૯૯૭) થી તા.૩૧-૫-૨૦૧૨ સુધીમાં થયેલ પ્રગતિની વિગતો

- રચાયેલ પાડોશ જુથોની સંખ્યાઃ- ૯૯૦૦
- રચાયેલ પાડોશ સમિતિની સંખ્યાઃ- ૧૦૧૭
- રચાયેલ સામુહીક વિકાસ મંડળીની સંખ્યાઃ ૨૩૨
- નોંધાયેલ ધ્વાકુવા જુથોની સંખ્યાઃ- ૭૪૪૨
- સ્વરોજગારી માટે બેંક ધ્વારા સહાય મેળવેલ લાભાર્થીઓની કેટેગરી વાઇઝ સંખ્યાઃ-

| | | |
|---|---|---|
| (૧) | અનુસુચિતજાતિ | ૨૧૬૦૭ |
| (૨) | અનુસુચિતજનજાતિ | ૭૩૩૬ |
| (૩) | અસમર્થો | ૧૦૭૮ |
| (૪) | માઇનોરોટીઝ | ૧૨૭૫૭ |
| (૫) | સામાન્ય- | <u>૪૪૬૭૦</u> |
| | કુલઃ- | ૮૭૪૪૮ |

(૨) કૌશલ્ય પ્રાપ્તી માટે વ્યવસાયિક તાલીમ મેળવેલ તાલીમાર્થીઓની સંખ્યા –૨૨૩૨૩૭

(૩) શહેરી વેતન રોજગાર કાર્યક્રમ હેઠળ રોજગારી ઉત્પન્ન થયેલ માનવદિનની સંખ્યા-૨૫.૯૪ લાખ

(૪) પુર્ણ થયેલ કોમ્યુનિટી સેવા કેન્દ્રોની સંખ્યાઃ- ૪૨

- **સુવર્ણ જંયતિ શહેરી રોજગાર યોજનાઃ**

આ યોજના કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. જેની સુધારેલ માગર્દર્શિકા તા.૧-૪-૨૦૦૯ થી અમલમાં આવેલ છે. રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ કોમ્પોનન્ટ આ યોજના હેઠળ હાથ ધરવાના રહે છે.

(૧) શહેરી સ્વ-રોજગાર કાર્યક્રમ
(૨) શહેરી મહિલા સ્વ – સહાય કાર્યક્રમ
(૩) શહેરી ગરીબોમાં રોજગાર વૃદ્ધિ માટે કૌશલ્યતાલીમ
(૪) શહેરી સ-વેતન રોજગાર કાર્યક્રમ
(૫) શહેરી સામુદાયિક વિકાસ માળખું

**શહેરી સ્વ-રોજગાર કાર્યક્રમ હેઠળ બે પેટા ઘટક છે.**

(૧) શહેરી ગરીબ લાભાર્થીઓને અર્થસભર સ્વ-રોજગારી સાહસો સ્થાપવા માટે સહાય (લોન / સહાય)

(૨) શહેરી ગરીબોને તેમના સાહસો સ્થાપિત કરવા તથા તેમના ઉત્પાદનોને

બજારમાં મુકવા માટે ટેકનોલોજી/માર્કેટીંગ/માળખાગત સુવિધા/જાણકારી અને સહયોગ પુરા પાડવો

**શહેરી મહિલા સ્વ-સહાય કાર્યક્રમ**

અ. કાર્યક્રમમાં બે પેટા ઘટક છે.

(૧) શહેરી ગરીબ મહિલાઓના જુથને નફાકારક સ્વ-રોજગાર સાહસો સ્થાપિત કરવા માટે સહાય (લોન / સબસીડી)

(૨) શહેરી ગરીબ મહિલાઓ દ્વારા સ્થાપવામાં આવેલ સ્વ-સહાય જુથો માટે બચત અને ધિરાણ મંડળીઓ ફરતું ભંડોળ(રીવોલ્વીંગ ફંડ)

(૩) શહેરી ગરીબોને રોજગારી મળી રહે તે માટે ગરીબી રેખા નીચેના શહેરી ગરીબોને સંખ્યાબંધ સેવાઓ માટે તાલીમ પુરી પાડવામાં આવેછે.

(૪) શહેરી સ-વેતન રોજગાર કાર્યક્રમ

શહેરી વેતન રોજગાર કાર્યક્રમ હેઠળ સામાજીક અને આર્થીક રીતે શહેરી ગરીબોને ઉપયોગી થાય તેવી જાહેર મિલકતો ઉભી કરવા બીપી.એલ.. લાભાર્થીઓને રોજગારી આપી શ્રમનો ઉપયોગ કરવાનો હેતું છે આ યોજના હેઠળ માલસામાન અને શ્રમનો ગુણોત્તર ૬૦:૪૦ રાખવાનો હોય છે.

**૨૨. ઉમ્મીદ યુવા રોજગાર કાર્યક્રમ:**

ઉમ્મીદ જે તે. શહેરી વિસ્તારના માર્કેટની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શહેરી ગરીબોને યોગ્ય કુશળતા કેળવવા માટેની તાલીમ પુરી પાડતો અનોખો કાર્યક્રમ છે જેથી તાલીમ પામેલ યુવક – યુવતીઓ નિશ્ચિત પણે રોજગારી મેળવી શકે રોજગાર ઇચ્છુક ગરીબ યુવક યુવતીઓની કાર્યકુશળતા વિકસાવીનેઉમ્મીદ વેપાર / ઉદ્યોગ ગૃહોની માનવ સંસાધનની જરૂરીયાતને પહોંચી વળવાના નવતર અભિગમથી કાર્ય કરવાનું આયોજન ધરાવે છે.

ગરીબ અને પછાત કુટુંબમાંથી આવતાં ૧૮ થી ૩૫ વર્ષની વયના શહેરી ગરીબ યુવક યુવતીઓ ઉમ્મીદ કાર્યક્રમમાં ભાગ લઇ શકે છે આ કાર્યક્રમના ધારાધોરણો સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજનાની માર્ગદર્શીકા પ્રમાણે રાખવામાં આવેલ છે ઉમ્મીદ કાર્યક્રમનું મુખ્ય પાસુ માર્કેટ સ્કેન ધ્વારા બજારની હાલની માંગ આધારીત તાલીમ આપવાનું અને તે પછી તાલીમાર્થીઓને યોગ્ય જગ્યાએ પ્લેસમેન્ટ અપવવાનુ છે.

ઉમ્મીદે તૈયાર કરેલાં અભ્યાસક્રમમાં આજના સમયની જરૂરિયાતને લક્ષ્યમાં લઇ અંગ્રેજી ભાષાનું પાયાનુ જ્ઞાન્ આજે ઉભી થયેલ રોજગારીના નવા વિકલ્પો માટે કલાસ રૂમ તાલીમની સાથોસાથ પ્રેકટીકલ તાલીમ પણ આપવામાં આવે છે. આ યોજનાના અમલિકરણનું કાર્ય સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓને સોંપવામાં આવેલ છે

કોસ્ટ બ્રેક અપ : ઉમ્મીદએ એક ભાગીદારી આધારીત કાર્યક્રમ હોવાથી પ્રસ્તાવીત ખર્ચની વિગતો નીચે મુજબ છે.

- સહભાગી પાસેથી યોગદાન રૂ/-૫૦૦:/- પ્રતિ સહભાગી

  પ્રત્યેક સહભાગી પાસેથી રૂ/- ૫૦૦/- ફી પેટે લેવામાં આવે છે. તેનાથી સહભાગી સમગ્ર કાર્યક્રમ પ્રત્યે ગંભીર પણ રહેશે અને અમલીકરણ કરતી સ્વૈચ્છિક સંસ્થા કે એજન્સી પણ સહભાગી પ્રત્યે જવાબદારી અનુભવશે.
- સરકાર તરફથી સહાય રૂ/-૩૫૦૦/- પ્રતિ સહભાગી
- એજન્સી (તાલીમ આપતી સંસ્થા) પાસેથી રૂ/-૫૦૦/- પ્રતિ સહભાગી

**ગુજરાત રાજયમાં હાલની સ્થિતિ:**

આ કાર્યક્રમ હેઠળ ૧ લાખ શહેરી ગરીબ યુવક યુવતીઓને આજીવીકા પુરી પાડવાનું રાજય સરકારનું લક્ષ્યહતુ અને હાલની પરિસ્થિતિ નીચે મુજબ છે

| પ્રવૃત્તિઓ / ઘટકો | મે – ૨૦૧૨ અંતિત |
|---|---|
| કેન્દ્રોની સંખ્યા | ૨૧૧ |
| શહેરોની સંખ્યા | ૧૧૧ |
| પ્રવેશ | ૨૦૪૫૯૬ |
| તાલીમ | ૧૪૫૨૨૦ |
| પ્લેસમેન્ટ | ૧૦૦૦૫૯ |

રાજયની દરેક નગરપાલિકાઓમાં ઉમ્મીદના કેન્દ્ર સ્થાપવાનું લક્ષ્યાંક છે.

## (૨૩) મિશન મંગલમ (અર્બન) યોજના

શહેરી ગરીબોને એક જુથ અને સંગઠિત કરી સ્વરોજગારી અને કૌશલ્યવર્ધક તાલીમ પુરી પાડવા, અંગત બચત માટે પ્રોત્સાહિત કરવા તથા જુથના સભ્યોને આંતરિક ધિરાણ મળી રહે એ તેમની આર્થિક જરૂરિયાત સંતોષાય તેમજ સ્વરોજગાર મેળવી સ્વનિર્ભર થાય તે માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૫-૨-૨૦૧૨ના ઠરાવ ક્રમાંક : મગલ:૧૦૨૧૧/એફ,૧૮૪૩/ધ થી મિશન મંગલમ યોજના અમલમાં આવેલ છે.

**<u>આ યોજના હેઠળ થયેલ ચુકવણીની વિગત નીચે મુજબ છે</u>**

**(રૂ!. લાખમાં)**

| ક્રમ | વર્ષ | થયેલ ચુકવણી |
|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૨૪૮.૦૦ |
| ૨ | ૨૦૧૨-૧૩ (જૂન – ૨૦૧૨ અંતિત) | ૪૮૯.૦૦ |